શ્રી

जनपदोध्वंसन्

(પ્લેગ) મરકી વિશે વર્ણન.

જેમાં.

પ્લેગ-વિશુચિકા, મરકી વિગેરેથી અકાળ મૃત્યુ વિશે વા-
સ્તવિક આર્ય વૈદ્યક ગ્રંથ મતાનુસાર દ્રષ્ટાંત સિ-
દ્ધાંત સાથે હકીકત જણાવવામાં આવી છે.

રચી પ્રસિદ્ધ કરનાર.

ભુજનગર રાજવૈદ્ય, ગિરજાશંકર બાવાભાઇ.

અમદાવાદ

"રાજનગર ટાઇપ ફાઉન્ડરી પ્રીન્ટીંગ પ્રેસ" માં

જેસંગભાઇ મુળજી પટેલે છાપ્યું.

સને ૧૮૯૯. સંવત ૧૯૫૫.

वैद्यप्रशंसा.

॥ सार्दुल विक्रिडित ॥

भ्रान्तावेदान्तिनः किंपठथशठतयाद्यापिचाद्वैतविद्यां
पृथ्वीतत्वेलुठन्तोविमृशथसततं [illegible]र्कशास्त्रार्तिकाःकिम्
वेदैर्नानागमैःकिंग्लपयथहृदयंश्रोतियाःश्रोत्रशूलै
र्वैद्यंसर्वानवद्यंविचि[illegible]तशरणं[illegible]णसंप्रीणनाथ ॥

ટીકા—અહો વેદાંન્તીયો. ભ્રાંતી પામેલા તમે હજુ સુધી અદ્વૈત વિધાને કેમ ભણ્યા કરોછો ? હે તાર્તિકો પૃથ્વી તત્વમાં આલોટતા પડયા રહીને નિરંતર તમે શો વિચાર કર્યા કરો છો ?

હે વેદિઆઓ કાનને શૂળ જેવા લાગે તેવા નાના પ્રકારના વેદનો ઘોશ કરીને શા માટે -હ્રદયને ગ્લાની પમાડો છો ! પણ હવે પ્રાંણને (શરીરને શશક્ત કરવાને) પ્રસન્ન કરવાને સર્વમાં નિર્દોષ એવા વૈધક શાસ્ત્રને શરણે જાઓ.

—*—

सार्दुल.

स्मा॰द्विश्वमुदेतियत्ररमतेयस्मिन॰नलीयते
भ सायस्यजगद्विभातिसहजानन्दोज्ज्वलंयन्मह:
शान्तंशाश्वतमाक्रियंयम॰नर्भावायभूतेश्वरं
द्वैतध्वान्तमपास्ययान्तिकृतिन:प्रस्तौमितं॰रुषम् ॥

સ્વરૂપાનંદથી ઉજ્વળ, તેજોમય, શાંત, ક્રિયાઓથી રહિત અને સર્વ પદાર્થોના નિયામક પરમાત્મા કે જેમાંથી આ સઘળૂ જગત ઉદય પામે છે, જેમાં રહે છે, જેમાં પાછુ લય પામે છે અને જેના પ્રકાશથી સ્ફુરણ પામે છે, અને મહાત્મા લોકો દ્વૈત રૂપી અંધકારને દુર કરીને આ પુનર્જન્મને વાસ્તે જેને પ્રાપ્ત થાય છે તે પરમાત્માની સ્તુતિ કરૂ છું.

છપૈ.

જદપિ રાજ્યપદ મિલે અખુટ ધન ભુમિબન ઉપવન,
રત્ન જડિત ગજમાલ, વિપદ આભુશન ભલપન;
જદપિ શ્રેષ્ટ પરિવાર, અધિક આડંબર નિસિદિન.
ખાન પાન સન્માન, ગાન ગુનિજન પ્રિય ચિંતવન;
વપુવ્યાધિગ્રસ્ત બલ વિર્ય હત, ઉઠ ન સકત પામે વથા;
ગિરીજાશંકર વપુ સબલ બિનું, સકલ ભોગ માનહુ વૃથા.

(પ્લેગ) મરકીવિશે વર્ણન.

૧ આર્ય ભુમિમાં કેટલેક સ્થળે હાલમાં "પ્લેગ" અથવા ગાંઠીયા તાવની બીમારીનો મરકી રૂપે ઉપદ્રવ આજકાલ લગભગ ત્રણ વર્ષ થયાં ચાલુ થયેલો જોવામાં આવે છે. તેથી હજારો બલકે લાખો મનુષ્યોનો અણુધાર્યો વિનાશ થયા કરે છે. તેને માટે નામદાર દયાળુ બ્રિટિસ સરકાર લાખો રૂપીઆનાં ખર્ચથી તે મરકીની અટકાયતને માટે શોધ કરાવે જાય છે. તુરતપિ તેનાં ઉત્પન્ન થવાનું તેમજ પેદા થયા પછી બંધ પડવાનું અને પાછું ફરી ન થવાનું મુખ્ય કારણ તથા તેના ઉપાય મળી શકતા નથી. હાલમાં થોડી મુદત થયાં એ બાબતના શોધ માટે વિલાતથી નામદાર બ્રિટિસ સરકારે મહાન્ પદવી ધરાવનારા વિદ્વાન ડાકતરોનું એક ખાસ કમિશન ગોઠવી અત્રે (હિંદુસ્થાનમાં) મોકલેલું છે. જે જે દેશમાંનાં શહેરોમાં મરકી ચાલેલી છે, તે શહેરોની મુલાકાત લેઇ મરકીની હકીકત જાણનારા અનુભવી ડાકતરો તથા સદગૃહસ્થોની જુબાની લે છે અને હકીકત એકઠી કરે છે. આ પ્રમાણે બધી જુબાની લઈ તે કમિશન વિલાયત જઇ પોહોંચી ત્યાં એ વિષેનો ઘણીજ સુક્ષ્મ બુદ્ધિથી વિચાર અને શોધ કરી નીરાકરણ કરશે. આ ઉપરથી અલબત કાંઇક પણ આ હિંદુસ્થાનની રક્ષા થવાનું ઉપયોગી પરીણામ આવશે એવી સહુ કોઇને ખાત્રી છે. અને તે સર્વ શક્તિમાન શ્રી ઇશ્વર પરિપુર્ણ કરે તેવી સર્વની પ્રભુ સાથે પ્રાર્થના છે.

પરંતુ આ આર્ય ભુમિમાંના જે જે આયુર્વેદોદ્ધારક ત્રિકાળદર્શી રૂષિ આચાર્યો થઇ ગયા છે તેમની દિવ્ય દ્રષ્ટિમાં પ્રથમથીજ આવી અનેક પ્રકારની મહામારી (મરકી) અમુક કારણથી પેદા થશે અને તેથી એક કાલાવિચ્છિન્ન જન સમૂહનો અકાળે વિનાસ થશે એમ કેટલાંક ખાસ કારણોથી તેઓ જાણી ગયા હતા અને તેથી તેમને જે કોઇ આ સંસારના ઉદ્ધારના ઉપકારાર્થે પ્રથમથી સુચના રૂપી બોધ આપવાનો હતો તે તેઓના શિષ્ય વર્ગને આપી ગયા છે. તેમાં મહામારી પેદા થવાનાં મુખ્ય કારણ પવન, પાણી, દેશ અને કાળ એવા ચાર હેતુ બતાવ્યા છે, કેમકે જ્યારે આ ચાર વ્યાપક પદાર્થમાં વિક્રાતિ ઉત્પન્ન થાય છે અને અવિક્રાતિ પામેલા પદાર્થો સંસારના લોકો ઉપયોગમાં લે છે ત્યારેજ વ્યાપકપણાએ અનેક પ્રકારની મરકીઓ પેદા થઇ આ જગતમાંના કેટલાક સંખ્યાબંધ માણસોનો

સંહાર કરી આપે છે અને એ વ્યાધિ આધુનિક (ચાલતી) હોવાથી એક પછી એકના સંસર્ગથી દરેક દેશોમાં ફેલાય છે વિગેરે સવિસ્તર હકીકત આપણા આર્ય આયુર્વેદ એટલે પ્રાચીન દેશી વૈદાંની વૃદ્ધત્રયીમાંની મહર્ષિ ચરક પ્રણિતસંહિતામાં મહામારી વીશે નિચે પ્રમાણે વર્ણન કરેલું છે.

અનેક દેશોથી યુક્ત એવા પંજાબ દેશમાં જ્યાં ઘણા દ્વિજવરો નિવાસ કરી રહેલા છે તેથી કંપીલ્ન નામની રાજ્યધાનિમાં શિષ્યગણોથી વિંટાયેલા એવા ભગવાન અત્રિ ઋષિના પુત્ર પુનર્વસુએ ગ્રીષ્મઋતુ (ઉનાળા) ના અંતમાં પશ્ચિમ તરફની ગંગાના તીર ઉપર ફરતાં ફરતાં પોતાના શિષ્ય અગ્નિવેશને કહ્યું કે નક્ષત્ર, ગ્રહ, ચંદ્ર, સૂર્ય, વાયુ, અગ્નિ અને દીશાઓની પ્રકૃતિમાં વિકાર થઇ ગયો છે અને ઋતુઓમાં પણ વિકાર થઇ ગયો છે. એથી જાણવામાં આવે છે કે તરતમાં પ્રથ્વી પણ ઔષધિઓના જેવા જોઇએ તેવા રસ, વીર્ય, વિપાક અને પ્રભાવના ગુણોને ધારણ કરશે નહીં. અને તેમ થવાથી મનુષ્યો નિરંતર રોગથી પીડીત રેહેશે માટે જનસમૂહનો નાશ થવા પેહેલાં તેમજ પ્રથ્વીમાં વિકાર થયા પેહેલાં સારા ગુણવાળી ઔષધિઓ લૈ એકઠી કરી રાખો. જ્યાં સુધી એ ઔષધિનો રસ, વીર્ય, વિપાક, અને પ્રભાવ બગડશે નહીં ત્યાં સુધી અમે તેના રસ, વીર્ય, વિપાક અને પ્રભાવનો ઉપયોગ કરીશું. જેઓ અમારા ઉપર ભરોસો રાખશે અને જેઓ ઉપર અમે અનુગ્રહ કરીશું એઓ સર્વ વિકાર ન પામેલા રસ, વીર્ય, વિપાક અને પ્રભાવવાળી ઔષધિઓનું સેવન કરશે. અને જો ઔષધિઓનો સારીરીતે ઉદ્ધાર, સારીરીતે બનાવટ અને સારીરીતે વિચાર નહીં કરવામાં આવે તો જનસમૂહના નાશકારક રોગગણોનો કાંઇ પણ પ્રતિકાર (ઇલાજ) થઇ શકશે નહીં.

ભગવાન પુનર્વસુનાં આવાં વચનો સાંભલી અગ્નિવેશે પુછ્યું કે સંપૂર્ણ ઔષધિઓ સારીરીતે ગ્રહણ કરેલી, સારીરીતે બનાવેલી અને સારીરીતે વિચારેલી છે તથાપિ જુદી જુદી પ્રકૃતિ, આહાર, દેહ, બળ, સાત્મ્ય, સત્વ, અને અવસ્થાવાળાં મનુષ્યોને એકજ પ્રકારની વ્યાધિ એક સાથે કેવી રીતે લાગુ પડી જનસમૂહનો નાશ કરી દે છે?

ભગવાન પુનર્વસુએ અગ્નિવેશને જવાબ આપ્યો કે જોકે મનુષ્યોનો પ્રકૃત્યાદી ઉપર કહેલા ભાવો જુદા જુદા હોય છે તો પણ કેટલાક વળી એવા ભાવો હોય છે કે મનુષ્ય માત્રને એક સરખી રીતે અસર કરે છે તેવા ભાવોનો વિકાર હોવાથી એક સરખે વખતે એક સરખાં લક્ષણ વાળી જુદા

જુદા પ્રકારની વ્યાધિઓ (મરકી) ઉત્પન્ન થૈ થૈને જનસમૂહનો એકદમ નાશ કરી આપે છે. જનસમૂહને એક સરખી રીતે અસર કરનારા નીચે જણાવેલા ભાવો (પદાર્થો) હોય છે જેવાકે વાયુ, જળ, દેશ અને કાળ આ ચાર પદાર્થો વિકારવાળા થવાથી ઉપર પ્રમાણેની વ્યાધિઓ પેદા થઇ લોકોનો સંહાર કરી દેછે.

વિકાર પામેલા વાયુનાં લક્ષણ નીચે પ્રમાણે હોય છે.

જે જે રૂતુઓમાં જેવો પવન જોઇએ તેથી ઉલટો વાયુ હોય અથવા વિષમ હોય અથવા ઘણોજ સ્થિર હોય, ઘણોજ વેગવાળો હોય, ઘણોજ કઠોર, ઘણોજ થંડો, ઘણોજ ઉષ્ણ, ઘણોજ રૂક્ષ, ઘણોજ અભિસ્યંદી એટલે નાડીઓના સાંધાને પકડનાર, તથા ઘણોજ ભયંકર શબ્દવાળો, સાંમસાંમા અથડાતો અને વીંટાલા અથવા ચક્કર ખાતો હોય અને પ્રકૃતિને માફક ન આવે તેવી દુર્ગંધ, બાફ, રેતી, ધુડ અને ધુંવાડા વીગેરેથી યુક્ત જે પવન હોય તે બગડેલો અને રોગ ઉત્પન્ન કરનારો હોય છે.

વિકાર પામેલા પાણીનાં લક્ષણ નીચે પ્રમાણે.

જેમાં ઘણીજ વિકાર પામેલી ખરાબ દુર્ગંધ, રંગ, સ્વાદ અને જેનો સ્પર્શ પણ અપ્રિય લાગે તેવું અને ઘણુંજ ડોળાઇ ગયેલું હોય કે જે પાણીને જળચર પક્ષિગણ છોડી ચાલ્યાં ગયાં હોય. જે સરોવર (જળાશયો) માં થોડુ પાંણી બાકી રહેલું હોય, જેના પીવાથી ગ્લાનિ થાય અને જે ગુણ રહીત થઇ ગયેલું હોય તેવું પાણી રોગ ઉત્પન્ન કરનારૂં હોય છે.

વિકાર પામેલા દેશનાં લક્ષણ નિચે પ્રમાણે.

જે દેશની પ્રકૃતિ, ગંધ, રસ અને સ્પર્શ વિકારવાળાં થઇ ગયાં હોય, જેમાં સડો થઇ ગયો હોય, જેમાં સર્પ, વ્યાલ (એક જાતના સર્પ) મચ્છર, ટીડ, પતંગીયા, માંખી, ઉંદર, ઘુડ, સ્મશાનમાં રહેનારાં ગીધ વિગેરે પક્ષીઓ અને શીઆળીયાં વિગેરેનો ઘણો ઉપદ્રવ હોય, જેમાં અનેક પ્રકારનાં ઘાસ તથા ઉલૂપ નામની વનસ્પતિનાં વન હોય, જેમાં ઘણા વેલાઓ અનેક પ્રકારના છાઇ રહેલા હોય, જેમાં પ્રથમના દેખાવ કરતાં ઉલટો દેખાવ થઇ ગયો હોય, જે દેશનાં ખેતરો સુકાઇ નકામાં થઇ ગયાં હોય, જેમાં ધુંવાડા સાથે પવન વાતો હોય, જેમાં હમેશાં પક્ષીયો બોલ્યા કરતાં હોય અને કુતરાઓ પણ રોયા કરતાં હોય જેમાં અનેક પશુ પક્ષી ગભરાઇ પીડા પામતાં અથડાતાં ડોલતાં હોય, જેમાં ધર્મ સત્ય લજ્જા આચાર તેના બીજા કેટલાક ગુણો માણસોમાંથી

નીકળી ગયા હોય, જેમાંનાં નદી સરોવર વિગેરે જળાશયો હોય પામેલાં અને ચલાયમાંન રેહેતાં હોય, જેમાં સદૈવ ઉલ્કાપાત મોટા ભયંકર અવાજ અને ભુમિકંપ થયા કરતો હોય, જેમાં સૂર્ય, ચંદ્રમા અને તારાગણ કોઇ વખતે રૂક્ષ કોઈ વખતે લાલ કોઇ વખતે તાંમ્રના રંગ જેવા કોઇ વખતે સફેત રંગના અને કોઇ વખતે વાદળાંથી ઢંકાયેલા હોય જેમાં નિરંતર સંભ્રમ અંને ઉદ્વેગ રેહેતો હોય, જેમાં ત્રાસ અને રૂદનના શબ્દો રેહેતા હોય, જેમાં અંધારા જેવું રેહેતું હોય અને જ્યાં યક્ષ તથા રાક્ષસ વિચરતા હોય એવો દેશ અહિત અને રોગ ઉત્પન્ન કરનારો હોય છે.

વિકાર પામેલા કાળનાં લક્ષણ નીચે પ્રમાણે.

જે કાળ જે રૂતુનાં લક્ષણોથી વિપરીત હોય અથવા જે લક્ષણ હોવાં જોઇએ તેથી વધારે અથવા કમી હોય એટલે જોઇએ તેથી વીશેષ અથવા ઓછાં હોય અથવા જોઇએ તે સમયે ન હોય અને ન જોઇએ તે સમયે હોય તેવો કાળ અહિત અને રોગ ઉત્પન્ન કરનારો હોય છે.

વિદ્વાન લોક આવા વિકાર પામેલા પવન, પાણી, દેશ અને કાળ એ ચારે પદાર્થને જનસમૂહના નાશ કરનાર કારણરૂપ કહે છે. અને જે ઉપર કહેલાં લક્ષણોથી વિપરીત હોય છે તેને અવિકારી અને હિતકારી માને છે.

ઉપર કહેલા પવન, પાણી, વિગેરે વિકાર પાંમેલાં અને તે આખા જગતનાં લોકોને નાશ કરનારાં હોય છે તોપણ જે માણસો સારાં ઔષધોથી યુક્ત હોય છે તેઓને આવી ભયંકર વ્યાધિઓનો ભય રેહેતો નથી. વિકાર પામેલાં પવન, પાણી, દેશ અને કાળનાં કાર્યની એક પછી એક વધારે ગુરૂતા હોય છે જેમકે પવન કરતાં પાણી, પાણી કરતાં દેશ, અને દેશ કરતાં કાળ એમ એક બીજાથી વધારે વધારે ભારે અને વિકારવાળાં ને અવિકારી કરવામાં વધારે મુશ્કીલ હોય છે તેમાં પણ જે જનસમૂહના નાશ કરનારના કારણરૂપ જે કાળ છે તે અત્યંત ગુરૂતર હોય છે કેમકે તે (અપરિહાર્ય) ઉપાય રહિત છે. આ શિવાયના બાકી જે ત્રણ પદાર્થ છે તેનો ઉપાય સહેજ થઇ શકે તેમ છે પરંતુ કાળને સુધારવો ઘણોજ કઠીણ છે,

અપરિહાર્ય અને મહા ભયંકર એવા કાળમાં આયુષ્યની રક્ષા શીરીતે કરવી તે નિચે પ્રમાણે.

જેનું સામાન્ય રીતે મૃત્યુ નથી તેમજ જેને મૃત્યુકારી દુષ્ટકર્મના સામાન્ય કર્મ નથી તેવા મનુષ્યોને માટે વમન, વિરેચનાદી પંચકર્મ કરાવવાં એ તેઓનું પરમ ઔષધ છે અને વળી પંચકર્મ કરાવ્યા પછી તેઓને માટે

રસાયન પ્રયોગનો વિધિવત્ ઉપયોગ કરાવવો એ વધારે વખાણવા યોગ્ય છે. જનસમૂહના નાશ કરનાર વ્યાધિઓ ઉત્પન્ન થયા પહેલાંની લીધેલી ઓષધિઓ તથા અનાજથી દેહનું પોષણ કરવું ઉચિત છે. તેમજ સત્ય ભાષણ, પ્રાણી માત્ર ઉપર દયા, જાગીદાન, દેવતાર્ચન, સદ્વૃત્તિનું અવલંબન અને શાંતીકર્મ વિગેરેથી આત્મરક્ષા કરવી યોગ્ય છે. કલ્યાણકારી દેશોનું સેવન કરવું હિતકારી છે. બ્રહ્મચર્યથી રેહેવું, બ્રહ્મચારીઓની સેવા કરવી, ધર્મ શાસ્ત્રી અને જીતેંદ્રિય મહાત્માઓની કથા અને વૃધ્ધ મનુષ્યોથી સેવિત ધાર્મિક અને સાત્વિક એવા સજ્જનોનો નિત્ય સહવાસ કરવો. વિગેરે દૈવ વ્યપાશ્રવ કર્મરૂપી ઔષધિઓ જનસમૂહ નાશ કરનારના ભયંકર કાળમાં જે મનુષ્યોનું મૃત્યુ નથી આવી પહોંચ્યું તેવા શેશ રહેલા આયુષ્યવાળાના આયુષ્યનું રક્ષણ કરનાર કહેલી છે.

ભગવાન્ એવા પુનર્વસુએ કહેલાં જનસમૂહના નાશ કરનારાં કારણો સાંભળી ફરીથી તેમના શિષ્ય અગ્નિવેશે પુછયું કે-પવન, પાણી, દેશ અને કાળ એઓમાં વિકાર થવાનું મુખ્ય મૂળ કારણ શું છે; કે જે વિકાર ઉત્પન્ન થવાથી જનસમૂહનો નાશ કરી આપે છે.

ત્યારે ભગવાન્ એવા પુનર્વસુ કહે છે કે પવન, પાણી, દેશ અને કાળ એ સર્વમાં જે વિકાર ઉત્પન્ન થાય છે તેનું મૂળ કારણ એક અધર્મ છે. અને એ અધર્મનું મૂળ કારણ પૂર્વજન્મનાં કરેલાં અસત્કર્મ (દુષ્કર્મ) છે. એ અધર્મ અને અસત્કર્મ બન્નેનું મૂળ કારણ (પ્રજ્ઞાપરાધ) બુદ્ધિનો દોષ હોય છે. જેમ કે જ્યારે દેશ, નગર, નિગમ અને પ્રજાના પતિ એવા રાજાઓ ધર્મને છોડી અધર્મથી પ્રજાનું પાલન કરે છે ત્યારે તેઓના આશ્રિત, ઉપાશ્રિત, પુરવાસી અને વ્યવહારોપજીવી લોકો પણ અધર્મમાં પ્રવૃત્ત થાય છે, ત્યારે એ બળવાન એવો જે અધર્મ તે ધર્મનો લોપ કરી આપે છે. ત્યારપછી એ લુપ્તધર્મી મનુષ્યોને દેવતાઓ પણ છોડી જાય છે. એ લુપ્તધર્મ અધર્મ, પ્રધાન અને દેવતાઓએ ત્યાગ કરેલા મનુષ્યો માટેની ઋતુઓ પણ વિકૃત થઇ જાય છે, એ કારણથી યોગ્ય સમયે વરસાદ વરસતો નથી અથવા વરસે છે તો વિના સમયે વરસે છે. પવન જોઇએ તે પ્રમાણે બરાબર ચાલતો નથી, પ્રથવી વિકારવાળી થઇ જાય છે, પાણી સુકાઇ જાય છે અને ઔષધીઓ પણ પોતાના સ્વાભાવીક ગુણોને છોડી વિકારવાળી થઇ જાય છે. આવી રીતે વિકાર પામેલા પવન, પાણી, દેશ, કાળ અને ઔષધી વિગેરેના સ્પર્શ અને ઉપયોગના દોષથી જનસમૂહનો નાશ થાય છે.

તેમજ સંગ્રામ (લડાઈ) નું કારણ પણ અધર્મજ છે. અત્યંત વધેલો લોભ, દોષ અને અભિમાનથી દુર્બળ લોકોનો તિરસ્કાર કરીને પોતાના ઇષ્ટ મિત્ર અને પરાયા પોતાના ભાઈઓનો વિનાશ કરવાને વાસ્તે હથીયારોથી એક બીજા ઉપર ધા કરે છે. તેથી શત્રુઓને મારે છે અથવા પોતે શત્રુઓથી મરાય છે અથવા રાક્ષશોના ગણ અને અનેક ભૂતોના સમૂહ (ટોળાં) અધર્મ અથવા બીજા અપચારને જોઈને માણસોને મારી નાંખે છે.

તેમજ અભિશાપનો પણ અધર્મજ હેતુ છે તે સંપૂર્ણ લુપ્તધર્મા મનુષ્યો ધર્મથી ભૃષ્ટ થઈ ગુરૂ, વૃદ્ધ, સિદ્ધ, ઋષિ વિગેરે પૂજ્ય લોકોનો તિરસ્કાર કરી અહિત કર્મોનું આચરણ કરે છે, ત્યાર પછી એ સર્વ મનુષ્ય ગુરૂ વિગેરેના શ્રાપથી બળી ભસ્મ થઈ જાય છે. પ્રાચીન કાળમાં પણ ઘણાં કુળ આવીજ રીતે નષ્ટ થઈ ગયાં છે. આ પ્રમાણે કેટલાક નિયત કાળના આયુષ્યવાળા એટલે પુરા સો વર્શના આયુષ્યવાળા માણસો છતાં અનિયત કાળમાં અલ્પાયુ થઈને મરી જાય છે.

પૂર્વે પ્રાચીન કાળમાં પણ અધર્મ શિવાય બીજા કશા કારણથી અશુભ ફળની પ્રાપ્તિ થઇ નહતિ, પ્રાચીન કાળમાં દેવતાઓના સમાન ઘણી કાંતિવાલા, વિમલ અને વિપુળ પ્રભાવવાળાં મનુષ્યો થતાં હતાં, એઓથી દેવતાઓ અને દેવર્શિઓ સાક્ષાત્ મળતા હતા, ધર્મ અને યજ્ઞની વિધિ વિધાંન પૂર્વક કરતા હતા. એઓનાં શરીર પર્વતના સમાન સારવાળાં દ્રઢ અને કઠોર થતાં હતાં એઓના નિતંબ સુંદર થતા હતા. અને તેઓના વર્ણ તથા ઇંદ્રિયગણ પ્રફુલિત રેહેતા હતા. એઓનાં બળ, વેગ, પરાક્રમ પવનના સમાન થતાં હતાં અને એઓના સમાંનજ એટલે જોઇએ તે પ્રમાણેજ શરીરનું પ્રમાણ આકૃતિ પ્રસાદ અને દેહની પુષ્ટાઇ થતિ હતી. તેઓ સત્ય, સરળ, નિષ્કપટભાવ, દાંન, ઇંદ્રિયદમન, નિયમ, તપ, ઉપવાસ, બ્રહ્મચર્યાદી વ્રતોથી યુકત રેહેતા હતા. ભય, રાગ, દ્વેશ, મોહ, લોભ, શોક, ક્રોધ, માંન, રોગ, નિદ્રા, તંદ્રા, શ્રમ, કલમ, આળસ અને પરધનની ઇચ્છા એ બધાં તેઓની પાસે આવતાં નહીં હતાં. એઓની આયુ પ્રમાણ રહીત થતી હતી. તેઓ સ્વતંત્ર હતા, દેશ, કાળ, પાણી, હવા વગરે નિર્વિકારી અનુકુળતાથી તેઓની બુદ્ધિ વિમળ હતી એઓના સત્ય ગુણ અને કર્મ એવા ઉદાર થતાં હતાં, કે અનાજ, રસ, વીર્ય, વિપાક, અને પ્રભાવના ગુણોથી યુકત નિપજતાં હતાં, કેમકે સતયુગમાં આદીમાં પ્રથિવ્યાદીના સર્વ ગુણો વિશેશ સારા હતા.

સતયુગ પુરો થતી વખતે કોઈ કોઈ સમયમાં મનુષ્યના અત્યાદાન એટલે પોતાની ઈચ્છાના કારણથી તેમના શરીરમાં સ્થુળતા (જાડાઈ) થઈ ગઈ અને એ સ્થુળતા એટલે ભારીપણાથી શ્રમ, શ્રમથી આળસ, આળસથી સંચય, સંચયથી પરધન ગ્રહણ કરવાની ઇચ્છા અને પરધન ગ્રહણથી લોભ ઉત્પન્ન થયો, અને જ્યારે સતયુગ બીલકુલ પુરો થઈ વિતી ગયો ત્યારે ત્રેતા યુગમાં લોભથી અભિદ્રોહ (નુકસાન કરવું) પેદા થયો. અને અભિદ્રોહથી મિથ્યા વચન, મિથ્યા વચનથી કામ, ક્રોધ, માન, દ્વેષ, કઠોરપણું અભિઘાત, ભય, તાપ, શોક અને ચિંતોદ્વેગ વિગેરેની પ્રવૃત્તિ થઈ એથી એ ત્રેતાયુગમાં ધર્મનો એક પાદલુપ્ત થયો એ ધર્મના એક પાદલુપ્ત થવાથી પૃથ્વી, જળ અને અગ્ની વિગેરેના ગુણનો પણ એક પાદ નષ્ટ થઈ ગયો. આ પ્રમાણે એક પાદનો લોપ થવાથી ક્ષેત્ર (ખેતરો)ની સ્નિગ્ધતા, વિમળતા, રસ, વીર્ય, વિપાક અને પ્રભાવના ગુણોનો પણ એક પાદ ઓછો થઈ ગયો. આવી રીતે ખેતરોમાંનાં અનાજોના ગુણ ઘટી જવાથી મનુષ્યોનાં શરીર પણ પાદહીન ગુણથી યુક્ત થયાં ને કારણથી તથા પાદહીન ગુણોવાળા આહાર વિહારના સેવનથી પેહેલાં કરતાં અગ્ની અને વાયુના અવળા ક્રમના કારણથી જ્વરાદી વ્યાધિઓથી ગ્રહસ્થ થઈ ગયા અને એજ સબબથી ક્રમે ક્રમે પ્રાણીઓના આયુ પણ ક્ષીણ થતી ગઈ.

દરેક યુગમાં ધર્મનો એક એક પાદ ક્રમ ક્રમથી ઘટતો જાય છે અને પ્રાણીઓનો ગુણ પણ એક એક પાદ કમતી થતો ચાલ્યો જાય છે. આવી રીતે થતાં થતાં સંસારનો પ્રલય થઈ જાય છે અને સો વર્ષ પછી આયુનું એક વર્ષ ઘટતું જાય છે એજ પ્રમાણે દેહધારીઓની આયુ ઉપરના નિયમ પ્રમાણે ઓછી થતી જાય છે.

आयुर्वेदचरकसंहितायांविमानस्थानेतृतियोऽध्याय.

મહામારી એટલે મરકી વિષે આવાજ મતલબની હકીકત હેવી પુરાણમાં પણ વિસ્તારથી વર્ણવેલી છે અને તેનો મતલબ એવો છે કે જેઓ અનીતિ, અનાચાર, વ્યભિચાર, હીંસા, ચોરી, છળ, કપટ, વિગેરે પાપરૂપ દુષ્કર્મ કરે છે અને સદાચારના નિયમથી વિરૂદ્ધ વર્તણુક રાખે છે તેવા માણસોનો ભક્ષ કરીજવા એક રાક્ષણીને આજ્ઞા છે તે રાક્ષણી જ્યારે જ્યારે પૃથ્વી ઉપર તેવો અનાચાર થતો જુવે છે ત્યારે ત્યારે તે તેનો ભોગ લે છે. તેવા સમયની શરૂવાત ઉંદરો મરવાથી જણાવી છે અને તેમ

થયે માણુસોએ પોત પોતાના ઘરમાંથી નીકળી જઇ શેહેર બહારની સ્વચ્છ ખુલ્લી હવાવાળી જગ્યામાં છાવણી કરી રહેવું. અને મરકીની શાંતી કરવા માટે તેજ રાક્ષણીની મૂર્તિ બનાવી તેનું યથાવિધિ પુજન, બળીદાન અને મંત્રનો જપ વિગેરે ધર્મ કૃત્યો કરવાથી તે રાક્ષણી પ્રસન્ન થઇ મહામારી (મરકી) શાંત કરે છે. આ પ્રમાણેની ક્રીયાથી મરકી નાબુદ થયા બાદ માણસોએ પોતાના ઘરોની શુદ્ધિ (ડીસઇનફેક્ટ) કરી તેમાં રહેવું. આવા મતલબનું લખાણ છે એમ જાણવામાં આવેલ છે.

યુનાનિ હિકમત (મુસલમાની વૈદક) ના "કરાબાદીન કબીર" નામના ગ્રંથમાં મહામારીના તાવની ઉત્પતિનાં કારણ તથા તેનાં લક્ષણો તથા ઇલાજ વિગેરેનું વર્ણન નિચે પ્રમાણે કરેલ છે.

હુમ્મીયે વબાઇ પેદા થવાનાં કારણ તથા તેના ઉપદ્રવો.

હુમ્મીયે વબાઇ (હુમ્મી–તાવ, અને વબાઇ–ઝેરી હવા) આ ઝેહેરી તાવ પેદા થવાનાં કારણો એ હોય છે કે જેવી રીતે પાણી એકજ જગ્યાએ ઘણા દીવસો સુધી રહેવાથી અથવા તેમાં કોઈ ખરાબ પદાર્થ મળવાથી ગંદુ થઇ જાય છે. તેવીજ રીતે હવા પણ ઘણાં ઝાડોમાં કે બંધ જગામાં બહુ વખત રેહેવાથી ગંદી થઇ જાય છે. જે હવામાં વધારે ભીનાશ હોય છે તેમાં ખુશ્ક હવા કરતાં વધારે ગંદાઇ હોય છે એજ કારણથી ઉનાળામાં જ્યારે ગરમ લુખી હવા હોય છે ત્યારે આ બિમારી ક્વચિતજ હોય છે અર્થાત ગરમીની મોસમમાં ઓછી હોય છે અને વરસાદ તથા થંડીની મોસમમાં વધારે હોય છે. ખુલ્લું છે કે અંદરના અને બહારના અવયવો ઉપર હવા પુરેપુરી અસર કરી શકે છે તો પછી જ્યારે હવામાં ગંદાઇ મળે ત્યારે સ્થાવર તથા જંગમના અંને અવયવોમાં પણ તે ગંદાઇ દાખલ થાયજ, ઘણું કરી દિલની આસપાસના દોષો સાથે તે તરત મળે છે. જે માણસ બહુ સ્ત્રી સંગ કરતો હોય અથવા જેની શારીરિક શક્તિઓ નબળી હોય અથવા જેના શરીરનાં છિદ્રો હમેશાં ખુલ્લાંજ રેહેતાં હોય અને શરીરમાં વિકાર યુક્ત દોષો ભર્યા પડયા હોય તેને એ હવાની ખરાબી તરત અસર કરે છે.

આ બીમારી આવવાનાં ચિન્હ એવાં હોય છે કે વર્ષની ઋતુઓ પોતાના ગુણ ઉપર ન હોય. ઉપરાંત ઘણા પુંછડીઆ તારા દેખાય તથા હવામાં ભીનાશ તથા ધરતીમાં રહેનારા જીવજંતુઓનો વધારો, વરસાદ થોડો તથા હવામાં નામાફકપણું, એક દીવસ હવામાં વંટોળીયો અને બીજે દીવસ કાંઇ નહીં તથા હમેશાં આકાશમાં વાદળાં ન હોવાં તથા દીવસે

ગરમી અને રાત્રે સરદી અથવા તેથી ઉલટું હોય અને ઉંદરો વગેરે જમીનમાં રહેનારા જીવોનું બહાર નીકળી ભાગવું. વિગેરે ચિન્હો આ બીમારી આવવાનાં નિશાનો છે. ઝેરી હવાથી ઉત્પન્ન થતી બીમારીઓ ઘણું કરી ગર્મીની મોસમની આખરમાં અને કોઇ વખતે તે શિયાળાના સમયમાં પણ આવે છે. અને તે ઝેરી મોતકારક તાવ પેદા કરે છે.

આતરે વબાઇનાં લક્ષણો એવાં હોય છે કે કોઇ વખતે તો નીચે જણાવેલાં નવે લક્ષણો એકજ માંણસમાં જાહેર થાય છે અને કોઇ વખતે કોઇ કોઇ લક્ષણોનો ઉપદ્રવ શરીરના દોષોના વિકાર ઉપર આધાર રાખે છે. જો વધારે બગડેલ હોયતો વધારે અને થોડાં બગડેલ હોય તો થોડાં લક્ષણો દેખાય છે. લક્ષણ પેહેલું–જાહેર દેખાવામાં શરીર ઘણું ગર્મ ન હોય પણ અંદર ચિંતા, અસુખ અને બળતરા અતિ હોય. બીજું–શ્વાસ લેવાની હાલત બદલી જાય એવી રીતે કે કેટલાકનો શ્વાસ ધીમો થઇજાય છે, કેટલાકનો ઉતાવળો ઉપરા ઉપરી લેવાય, મુકાય, કેટલાકનો ઉંચો રહે અને કેટલાકનો બદબોવાળો આવે છે, તેવો બદબોવાળો મોતકારક હોય છે. ત્રીજું–કોઇ વખતે પસીનો પણ ગંદો આવે છે. ચોથું–નાડી પાતલી અને ઉપરા ઉપર આવ્યા કરે તથા પિશાબમાં કાળાશ હોય તથા મળ નરમ ચીકણાવાળો, ગંદો અને ખરાબ રંગનો હોય. પાંચમું–તિલ્લી (બરોળની ગાંઠ) વધી જાય અને જલોદર જાણે થયું ન હોય એવાં લક્ષણ જણાય. છઠું–મુર્છા આવ્યા કરે તથા વાયુ અથવા પિતની ઉલટી થાય, જમવાની ઇચ્છા ન થાય, આંદા (આમાશય) નું મોઢું દીલ તરફ દરદ કરે અને સુકી ઉધરસ આવે. સાતમું–પાણીની તોસ પડયાજ કરે તેથી જીભ તથા મોઢામાં ખુશ્કી રહ્યા કરે, મોઢામાં સોજો થઈ આવે, નીંદ્રા ન આવે, અકલમાં ફેર પડી જાય, અવયવો સુસ્ત થઇ જાય, રગોઓ નરમ પડીજાય અને મુર્છા આવે. આઠમું–રાતા રંગની ફોલ્લીઓ શરીર ઉપર થઇ આવે, તથા પાછી બેસી જાય તથા ગુંબડા જેવા ગાંઠાઓ નીકળી આવે, નવમું–રાત્રે તાવનો જોશ વધે, કોઇ વખતે આ લક્ષણો તાવની શરૂઆતમાંજ દેખાઇ રહે છે અને અંતમાં હાથ પગ ઠંડા પડી જાય છે અને મુર્છા આવે છે. કોઇ વખતે બહાર કે અંદરમાં તાવ દેખાતોજ નથી અને બીમારી તરતજ મરી જાય છે. આ હાલત ઘણુંજ બુરી છે. ખાસ કરી જો તેમાં ગુંબડાના ગાંઠા જેવો સોજો હોય તો આ બીમારીમાં માણસ ભાગ્યેજ બચે છે. ઇશ્વર આ બલાઓથી સૌનું રક્ષણ કરો.

આવા પ્રકારના ઝેરી તાવનો ઇલાજ (ઉપાય) એ છે કે આ બીમારી જાહેર થઇ કે માણસે તરતજ વિકારયુક્ત દોષોથી સાફ થવું અને પોતાના ઘરના મકાનમાં થંડી તાસીરના મેવા અને થંડી ખુશબો રાખવી. જેવાકે કપુર, બનફસા, નીલોફર, કઅ, બર્ગેબેદ, મીઠાં લીંબુ, ગુલાબ અને વખતે વખતે ગુલાબજળ તથા સીરકો મેળવી ઘરમાં છાંટવાં અને શહેરની હવા ઘરમાં ન આવે તેવી સંભાળ રાખવી. જ્યારે હવા લેવાની ખાયશ થાય ત્યારે ઘરની હવા હલાવવી. ઘરનું છત ઉંચું હોવું જોઇએ. રેહેવાનું મકાન પણ જમીનથી જેટલું ઉંચું તેટલું વધારે સારૂં. સુખડ, કપુર, ગુલાબ અને સુરકો વિગેરે છાતી ઉપર રાખવાં. અને શીશામાં રાખી સુંઘવાં પણ જ્યારે પેટ કડણ થઇ જાય, શ્વાસ ભરાઈ જાય અને પગમાં થંડાં થઇ જાય ત્યારે અને નીંદર ન આવે ત્યારે છાતી ઉપરથી થંડા લેપો ઉતારી લઇ બીમાર ઉપર ગરમ કપડાં ઓઢાડવાં, વિગેરે, વિગેરે.

અભિપ્રાય.

ઉપર મુજબ પ્રાચીન વૈદકના ગ્રંથમાં લખેલાં સવીસ્તર કારણો પ્રમાણે મહામારી (મરકી) ઉત્પન્ન થવાનું મુખ્ય મૂળ કારણભુત અધર્મ જણાવેલો છે એ અધર્મના સમુદાયથી, કામ ચક્રના ક્રમથી પવન, પાણી, દેશ, અને કાળમાં વિકૃતિ એટલે વિકાર, બિગાડ અને સડો વિગેરે ખરાબો પેદા થાય છે અને તેનો આહાર, વિહારમાં ઉપયોગ લેવાથી તેમજ સંસર્ગ થવાથી અનેક પ્રકારનાં રૂપ અને લક્ષણો વાળા વ્યાધિઓ મહામારી રૂપે ઉત્પન્ન થઇ એકી વખતે આખા દેશના લોકોનો સંહાર કરી નાખે છે તેવા વ્યાધિને "મરકી" એવું નામ આપ્યું હોય એમ જણાય છે. આગળ જણાવ્યા પ્રમાણે પવન, પાણી, દેશ અને કાળમાં વિકાર થયેલો હાલ ચાલતા જમાનામાં આપણે પ્રત્યક્ષ રીતે નજરે જોઇ શકીએ છીએ. જુવો કે જે જે મોસમમાં જે દીશાઓના પવન વહેવા જોઇએ તે વહેતા નથી. તેમ વખતો વખત પ્રથમ જણાવેલા વિકારવાળા પવનનાં લક્ષણો પ્રમાણે વિકાર ઉત્પન્ન થયેલા વખતો વખત જોવામાં આવે છે. તેમ પાણીમાં પણ જણાવેલાં લક્ષણો પ્રમાણેજ વિકાર થયેલો જોવામાં આવે છે. દેશની બાબતમાં પણ તેજ પ્રમાણે પૃથ્વીનો રસ ચોરાઇ ગયેલો નજરે પડે છે, અને કાળમાં પણ વિચાર કરીએ તો ચોમાસાની મોસમમાં જેટલો ને જે વખતે જોઇએ તેટલો ને તે સમયે વરસાદ વરસતો નથી તેમ કેટલેક ઠેકાણે ઘણો, કેટલેક ઠેકાણે થોડો, કેટલેક ઠેકાણે મુદલ નહીં. આવી રીતના થતા વિકારો તેમાં

પણ નજરે જોવામાં આવે છે. અને વળી તેવીજ રીતે ઉનાળા શિયાળાની મોસમમાં પણ તફાવત થયેલો માલમ પડે છે. આજકાલ હજી હેમંત ઋતુની શરૂવાત માત્ર થયેલી છે એટલે કે કારતક માસ સમાપ્ત થઇ માર્ગશિરનો પ્રારંભ થયેલો છે તે દરમીયાન આંબા, લીંબડા વિગેરેનાં વૃક્ષોમાં પુષ્પ મંજરીઓ નવિન અંકુરો, તથા પ્રાતઃકાળમાં કોયલોના મધુર અવાજો વિગેરે ચિન્હો વસંત ઋતુનાં દેખાય છે. અને દેશના લોકો પણ અધર્મથી વિપરીતાચરણ કરતાં ઘણે અંશે જોવામાં આવે છે વિગેરે બાબતો તપાસતાં ચોકસ રીતે ચારે પદાર્થમાં વિકાર તથા તફાવત પડી ગયેલો છે એમ બધી રીતે સિદ્ધ થાય છે તો પછી તેનાં પરિણામ રૂપ આપણા શાસ્ત્રના સિદ્ધાંત પ્રમાણે મહામારીઓ ઉત્પન્ન થાય છે અને તેનું અસહ્ય દુઃખ લોકો ભોગવે છે, એ નિર્વિવાદ વાત છે.

કેટલાક મનુષ્યોને એવી શંકા ઉત્પન્ન થશે કે એક સેહેર કે ગામમાં મરકી શરૂ થઇ તો તે શેહેર કે ગામના બધા માણસોને લાગુ ન પડતાં તે માંહેલા કેટલાક કેમ બચી જાયછે? તેનો એજ હેતુ હોયછે કે માણસના શરીરની યોગ્યતા તથા તેઓનાં કરેલાં સુભાસુભ કર્મ ઉપર મરકી લાગુ પડવાનો આધાર રહેલો છે. જે માણસના શરીરમાં વિકારવાળા દોષો હોય અને જેણે પુર્વ જન્મ તથા આ જન્મમાં ઘણાં અત્યંત અસુભ અને અધર્મથી ભરેલાં પાપકર્મ કરેલાં હોય તેવા માણસને તે તરતજ લાગુ પડે છે અને જેના શરીરમાં શુદ્ધ અને સમાન દોષો હોય અને બન્ને જન્મમાં શુભ ધાર્મીક કૃત્યો કરેલાં હોય તેવા પુણ્યવાન માણસને મરકીનો અસર લાગુ ન થતાં તેઓ બચી જઇ પુર્ણાયુ ભોગવે છે.

તેમ વળી વૈદક શાસ્ત્રના નિયમ પ્રમાણે "મરકીનો તાવ" એ રોગનું નિદાન લક્ષણ તથા સાધ્યાસાધ્યનો શું નિશ્ચય છે! એવું પ્રશ્ન કરીએ તો તે વિષે વિચાર કરતાં લખનારના અભિપ્રાયમાં એમ આવે છે કે તે એક પ્રકારનો સંનીપાત જ્વર છે તેનું આદાનનિદાન એ છે કે જે મહામારી વિષે જણાવેલું છે તે તથા આહાર વિહારના મિથ્યા યોગનું શેવન કરવું એજ છે તેનાં લક્ષણો માટે જેવો જોઇયે તેવો એક સરખો નિશ્ચય થઇ શકતો નથી કેમકે તેવા કેસોમાં વખતો વખત જુદા જુદા પ્રકારનાં ચિન્હો જોવામાં આવેછે તથાપી સામાન્ય રીતે જે યુનાની હિકમતવાળે નવ પ્રકારનાં લક્ષણો જણાવેલા છે તે તથા આપણા દેશી વૈદકમાં પણ ઘોરાં જણાવેલાં છે કે—

सं॰ यंते शरीरं ग्रंथिभिरभितस्तथोदरं मरुता। श्वासा॰रस्य सततं विचेतनस्यांत-कार्तस्य ॥ भाव॰प्रकाश॥

જેને અંતક નામનો સન્નિપાત જ્વર આવ્યો હોય તે માણસનું શરીર ચારે તરફ ગાંઠઓથી ભરપુર થઈ જાયછે. નિરંતર શ્વાસથી આતુર રહે છે અને બેભાનપણું થઈ જાય છે.

આ પ્રમાણે તેનાં સામાન્ય લક્ષણો હોય છે. કેટલાક સન્નિપાત સાધ્ય અને કેટલાક અસાધ્ય હોય છે. તેમાં આ સન્નિપાતજ્વર કે જેને શાસ્ત્રમાં અંતક અને દેશીમાં "ગાંઠીયો તાવ" એવું નામ આપેલું છે. તે અસાધ્યના હિસાબમાંજ છે અને તેના ઉપાય માટે તો વિશેશ ખોજ કરવાપણું રહેતુંજ નથી કારણ કે તેના નામમાંજ અર્થ એવો રહેલો છે કે અંત કરનાર અથવા મૃત્યુ આપનાર એવોજ તેના શબ્દનો અર્થ થાય છે તો પછી તેનો ઔષધોપચાર શોધવો એ નકામું છે તેમ છતાં જો ચિકિત્સા કરવા ઇચ્છા રહે તો વાત, પિત્તાદી દોષોની અંશાંશ કલ્પના કરી સન્નિપાતના પ્રકરણમાંથી યથાયોગ્ય ઉપાય કરવા. પરંતુ ભાવ પ્રકાશવાળાએ તો ખરો ઉપાય નિચે પ્રમાણે જણાવેલો છે.

इहापहायव्रतमुष्ण॰॰ज्वरा॰रियूषादि॰॰॰॰री ॥ ज्वरच्छिदं जीवितदंचानित्यंमृत्युंजयंचेतसिचिंतयस्वभिषग्भिरितिनिर्णीतं संन्निपातांत॰॰भिधे । भेषजंजांन्हवी नीरंवैद्योगोविंद॰॰॰ ॥ भा॰चिकित्साखंडे ॥

ભાવાર્થ—અંતક નામનો સન્નિપાતજ્વર પ્રાપ્ત થયો હોય તો લંઘન આદી નિયમોને, જ્વરને મટાડનારા ક્વાથોને અને રોગ ટાળવાનાં યુષો આદીને છોડીદઈને સદાશિવ કે જે જ્વરને મટાડનાર છે અને જીવિતને આપનાર છે તેમનુંજ ચિત્તમાં નિરંતર ચિંતવન કરવું યોગ્ય છે. તેમજ ગંગાજીનું જળ છે તેજ ઔષધ છે અને વિષ્ણુ ભગવાન્ સાક્ષાત વૈદ્ય છે એમ મહાન્ વૈદ્યોએ નિર્ણય કરેલો છે.

ભગવાન્ એવા શ્રી આત્રેયજીએ વિકાર પામેલા દેશનાં જે લક્ષણો વર્ણવેલાં છે તેમાં સર્પ, વ્યાઘ્ર, મચ્છર, ટીડ, માખી, ઉંદર, ઘુડ, ગિધ, સિયાળ વિગેરે જીવનો ઉપદ્રવ વિશેશ થાય એમ જણાવેલું છે. આ ઉપરથી

એમ અનુમાન થઇ શકે છે કે તેવાં પશુ, પક્ષી, જીવજંતુઓની દાઢ વગેરેમાં સ્વાભાવિક ઝેરીલી હોય છે અને તે તેવા વિકાર પામેલા દેશમાં રહેલાં વિશેશ ઝેરીલાં હોય એ શંકા રહિત વાત છે તો પછી તેવાં વિશેશ વિષવાળાં જીવજંતુઓના કરડવાથી અથવા તેનાં મળ, મૂત્ર, લાળ, વીર્ય, આર્તવ, પવન, શ્વાસ, ફુંક, નખ, દાંત, દાઢ, નજર અને તેનાં મરેલાં શરીર વિગેરેના સ્પર્શ તથા હરેક પ્રકારના સંસર્ગને લીધે વિષનો અસર થઇ શકેછે. આ પ્રકારે વિષનો અસર પ્રથમ પોતાની સજાતીય જીવજંતુઓમાં પ્રાપ્ત થાય એટલે તેવાં વિષવાળાં જીવજંતુઓનો વિશેશ વધારો થવાથી તે વિકાર પામેલા દેશનાં સ્થાવર જંગમ પદાર્થ માત્રને તેમજ મનુષ્યને પણ વિષમય કરી વિશજન્ય વિવિધ બાધાઓને આપે. આ કારણેપણ અનેક પ્રકારની મહામારી (મરકી) પેદા થવાનું તથા તેના ફેલાવ થવાનું કહી શકાય છે. ઉપર કહેલાં વિષવાળાં જીવજંતુઓ સ્વાભાવિક ચંચળ વૃત્તિવાળાં હોય છે તેથી એક દેશથી બીજા દેશમાં દોડાદોડ કરે તે સ્વાભાવિક છે તેવીજ રીતે માણસો પણ વ્યવહારિક કામ પ્રસંગે તેમજ વિકાર પામેલા દેશના ત્યાગ અર્થે આવાગમન કરે જાયછે અને તે વળી વિકાર પામેલા દેશનો કેટલોક બગાડી વાપરવાનો તથા અનાદી, ખોરાકી સામાન સાથે લેતા આવેછે તેથી પણ મરકીનો વિશેષ વીસ્તાર થવા સંભવ છે.

ઉપર કહ્યા પ્રમાણે જીવજંતુઓનાં કારણથી પ્રત્યક્ષ પ્રમાણ ગ્રહ જોઇએછીએ તો જ્યાં જ્યાં પ્રથમ પ્લેગની શરૂઆત થાય છે ત્યાં ત્યાં પહેલવહેલાં એ બીમારીનો હુમલો ઉંદરો ઉપર થતો જોવામાં આવે છે એથી એમ કહી શકાય છે કે વિકાર પામેલા દેશના જંગલમાંથી ઝેરીલા ઉંદરો શહેરમાં દાખલ થાય છે અને તે શહેરના ઉંદરો સાથે મળવાથી સંખ્યાબંધ ઉંદરોને વિષનો અસર લાગુ થવાથી પ્રથમ પ્લેગ તેઓના ઉપર શરૂ થાય છે. ત્યારબાદ તે ઘરમાં રહેનારાં માણસો તથા સ્થાવર જંગમ પદાર્થ સાથે સંસર્ગ થવાથી મનુષ્યોને એ બીમારી લાગુ પડે છે. આમ હોવાથી એમ જાણી શકાય છે કે ઝેરીલા ઉંદરોનાં વિષથી આ "પ્લેગ" નામની મહામારી ઉત્પન્ન થવાનું કારણ હોય એ સંભવિત છે. તેમ વળી પ્લેગની બીમારીનાં કેટલાંક લક્ષણો ઉંદરોનાં વિષજન્ય ચિન્હો સાથે ઘણે ભાગે મળતાં આવે છે જેવાં કે ગ્રંથી, દારૂણજ્વર અને મૂર્છા વિગેરે ઉપદ્રવો લેખ પ્રમાણે મળે છે પરંતુ તેમાં માત્ર એટલોજ તફાવત રહે છે કે ઉંદરોનું વિષ આ પ્લેગની માફક સદ્યોમારક એટલે તરતજ મૃત્યુ આપનાર હોવાનો લેખ જો-

વામાં આવતો નથી એથી જરા શંકિત રહેવું પડે છે. તથાપિ ઉંદરના વિષનો સમાસ જંગમ વિષના પ્રકારમાં થઇ શકે છે તો તેના ઉપાય માટે જંગમ વિષના પ્રકરણમાં જણાવ્યા પ્રમાણેના ઉપાયો તેમાં પણ ખાસ કરી મૂષક વિશહર (ઉંદરના ઝેરને હરનાર) જે જે ખાસ યોગ્ય દવાઓ છે તેનો વધારે ઉપયોગ લેવાથી તેની શાંતી થવા સંભવ છે. જંગમ વિષ વિષેનો વિશેશ વિસ્તાર તેના ઉપાય માટે વૃદ્ધત્રયીમાંની "સુશ્રુત સંહિતા" માં ઉત્તમ ને વખાણવા યોગ્ય વર્ણન આપેલું છે માટે તેમાં જોઇ સમજી યથાયોગ્ય ઉપાય કરી જોવા જોઇએ. વખતે તેમ કરવાથી લાભ મળવા સંભવ રહે છે.

અત્રેયજીના અભિપ્રાય પ્રમાણે પવન, પાણી, દેશ અને કાળ એ ચારમાં વિકૃતી થવાથીજ મુખ્યત્વે કરી મહામારી ઉત્પન્ન થઈ તેનો પ્રકોપ થાય છે તો એ ચાર પદાર્થ સુધરવાથી તે રોગની શાંતી થતાં નિર્મુળ થવાનો વધારે ભરોસો રહે છે કેમકે કારણ વગર કાર્ય થતું નથી તેથી કારણ સુધરે તો કાર્ય સુધર્યા શિવાય રહેજ નહીં એ સાધારણ ચાલતો નિયમ છે. પરંતુ આ ચાર દેવિવ્યાપક પદાર્થને સમગ્ર રીતે સુધારવા એ કેવળ પરમકૃપાળુ જગદીશ્વરની ઇચ્છાનેજ આધીન રહેલું છે. અર્થાત્ જ્યારે મનુષ્ય માત્રના સદ્‌વર્તનથી તેઓની કૃપા કટાક્ષ આ જગત્ ઉપર થાય ત્યારેજ તેઓ પોતાની શકતી વડે એ વ્યાપક પદાર્થોને સુધારે છે એમાં મનુષ્ય કૃત જરાપણ કામ કરી શકતું નથી. તથાપિ તેમણેજ સદ્‌અસદ્‌ જાણવા માટે માણુસ જાતને જ્ઞાન, બુદ્ધિ અને વિવેકની બક્ષીસ કરેલી છે. તેની સાથે વળી આપણા ત્રિકાળદર્શી મહર્ષિઓ પુસ્તક રૂપે કેટલોક રસ્તો બતાવી ગયા છે તો પછી યથાશક્તી શાસ્ત્રોક્ત રીતને અનુસરી એ વ્યાપક ચાર પદાર્થનું જે કાંઈ બને તે શોધન કરી બની શકે તેટલો આબાદી અને આરોગ્યનો લાભ મેળવવો એ માણુસ જાતની ખાસ ફરજ છે. હવે તે ચારવસ્તુઓનું શોધન શી રીતે કરવું એ નિચે પ્રમાણે.

જે દેશનો પવન, વાયુ વિકારવાળો થઇ બગડેલો હોય તેને સુધારવા માટે પ્રથમ કહેલા પ્રમાણે યજ્ઞ, યાગ, હોમ, હવન વિગેરે વાતાવરણને સુધારનારી વનસ્પતિઓની આહુતીઓ આપી તેના થતા ધુમ્ર (ગેસ)થી. તેમજ રોગોત્પાદક જીવજંતુઓ નાશ કરનારી ઔષધિઓ જેવી કે ડીંદર, ગંધક, લોબાંન, લીંબડો વિગેરેની ધુવાડીઓ મહેલ્લા, રસ્તા, મકાનોમાં આપવાથી તથા આયુર્વેદોક્ત "અગદ" ના પ્રયોગોનાં સુગંધિત ચૂર્ણો મહેલ, પર્વત, ઝાડ, ધ્વજા, પતાકાઓ ઉપર વખતો વખત છાંટવાથી તેમજ તેના ધૂમથી નિર્મ-

ળ, સ્વચ્છ અને નિરોગી હવા થાય છે. હાલમાં જે સરકાર તરફથી કાર્બોલિક પાઉડર છાંટવામાં આવે છે તથા ગંધક, ડાંમર વિગેરેનો ધુવાડો કરવામાં આવે છે એ પણ હવાને સુધારે છે.

જે દેશનું પાણી વિકારવાળું થઇ નિરૂપયોગી થયું હોય તેવાં પાણીને સુધારવા માટે ખરાબ થયેલા પાણીના કુવા, વાવ, તળાવ વિગેરે જળાશયોના પાણીને બહાર કઢાવી નાંખવું તેમજ તેમાં રહેલા મલિન કીચડને પણ કઢાવી સાફ કરાવવાં. પછી તે જળાશયોમાં આયુર્વેદોક્ત "અગદ" એટલે વિશહર ઔષધિઓના કવાથ અથવા તેવી ઔષધિને બાળી તેની ભસ્મ અથવા તે ભસ્મનું ગાળેલું પાણી નાંખવું. અથવા તો હાલમાં જે ચુનો વિગેરે પાણીના દોષને નાશ કરનાર ને સ્વચ્છ કરનાર જે ઔષધિઓ નાંખવામાં આવે છે તે નાંખવી. ત્યારબાદ પાંચ સાત દીવસ પછી જે નવિન પાણી તે જળાશયોમાં આવે તે સ્વચ્છ અને વિકાર રહીત થાય છે. જળાશયોના મોઢા ઉપર હમેશાં સૂર્યનો તડકો અને ચંદ્રની રાશી પડયા કરે તેવાં ખુલ્લાં મોઢાં રખાવવાં. અર્થાત્ તે ઉપર અને અંદર જે કાંઇ ઝાડની શાખાઓ તથા મુળ વિગેરે આચ્છાદન રૂપે હોય તે કઢાવી નાંખવાં અને કાચબા અથવાં માછલાં જળાશયોમાં નંખાવવાં તેથી પણ પાણી સ્વચ્છ રહે છે. આ શિવાય જે પાણી માણસે પોતાના ખાનપાનના ઉપયોગમાં લેવું હોય તે પાણીજ એક માટીના વાસણમાં અરધો ભાગ બાળી બાકીનું પાણી હોય તેજ ઠારી કામમાં લેવું તેને આરોગ્યોદક કહે છે અથવા પાણી એક મોટા માંટીના વાસણમાં ભરી તેના મોઢા ઉપર મલમલના ઝીણા સાફ કપડાનો રૂમાલ બાંધી પરોઢીઆ વખતે અગાસી અથવા આંગણામાં જ્યાં કે તડકો વીગરે આવી શકતો હોય તેવી જગાએ રાખવું. તે આખો દીવસ તથા આખી રાત્રી એમજ બહાર સૂર્યનાં કીરણો તથા ચંદ્રનાં કીરણો નીચે રાખી બીજે પરોઢીએ સૂર્યોદય પેહેલાં તે વાસણ ઘરમાં લઇ ઉપયોગમાં લેવું અને તેજ વખતે બીજા દીવસના ઉપયોગ માટે બીજું વાસણ બહાર રાખી દેવું. આવી રીતે સ્વચ્છ અને નિર્મળ થયેલાં પાણીને "હંસોદક" કહેવામાં આવે છે અને તે ઘણા ગુણને આપનારૂ થઇ અમૃત સરખું થાય છે. અથવા હાલમાં એક લાકડાની બાંધી ત્રિપદી ઘોડીમાં ત્રણ માટલાં ગોઠવી તેમાં રેતી વિગેરે ઉપરના માટલામાં ભરી તેમાંથી ટપકતું ત્રીજા માટલાનું પાણી, અથવા ફીલટરથી નીતરેલું પાણી પણ સ્વચ્છ થાય છે અથવા લોઢાના ગોળા, માટીના પિંડ, રેતીના કાંકરા એઓને અગ્નીની સાથે તપાવી તપાવી

પાણીમાં બુઝાવવા એમ ૩-૪-૫-૭ વખત કરી તે પાણીને કપડેથી ગાળી માટીના વાસણમાં ભરી તેમાં વાળો, ગુલાબ, કેવડો વિગેરેનાં ફુલોથી ઇચ્છાનુસાર સુવાસિત કરી પીવાના ઉપયોગમાં લેવું. અને ડોળાં, મેલાં પાણીને નિતર નિર્મળ કરવાના સાત પ્રકાર ગ્રંથકારે કહેલા છે તે એક નિર્મળીફળ, ગોમેદમણી, કમળતંતુ, શેવાળ, વસ્ત્ર, મોતી અને મણી આ સાત પદાર્થમાંથી જે મળી શકે તેના ઉપયોગથી પાણી નિર્મળ થઈ શકે છે અને તે તંદુરસ્તી આપનાર થાય છે.

જે દેશની ભૂમિનું શોધન કરવું હોય તે જમીનનો થોડો ભાગ કે જ્યાં સુધી મુડદાળ ભાગ હોય તે કઢાવી નાંખવો ત્યાર પછી એ જમીન ઉપર દર્ભ નામનું ખડ પથરાવી તેને બાળવું એટલે તે જમીનને થોડો અગ્નો દાગ લાગશે. પછી તે ઉપર ગૌમુત્ર અચ્છી રીતે છંટાવવું, તે થોડોક વખત તેમજ રહેવા દઈ જ્યારે તેનો રસ જમીન ચુસી લે ત્યારે તે રાખને કઢાવી સાફ કરાવી આયુર્વેદોક્ત "અગદ" નો ઉકાળો બનાવી તે પ્રથ્વી ઉપર છાંટવો અથવા તેવાં ઔષધોનું ચુર્ણ છાંટવું આવી રીતે ભૂમિનું શોધન કરવાથી વીકાર પાંમેલા દેશની થોડે અંશે શુદ્ધિ થતા જમીનની અંદર જે કાંઇ રોગોત્પાદક પરમાંણુ અથવા તેવા પ્રકારના જીવજંતુઓ હોય તેનો નાશ થઇ સ્વચ્છ નિરોગી ભૂમિ થાય છે આ ભુમિશોધનનો કેટલોક પ્રકાર ધર્મના ગ્રંથોમાંથી લીધેલો છે.

અથવા આયુર્વેદોક્ત "અગદ" એટલે વિષહર ઔષધીના પ્રયોગનો લેપ ધજા, પતાકા, તોરણ વિગેરે જે દર્શનિય પદાર્થ છે તેને આપી તે બાંધી આપવાં તેથી તથા તેજ ઔષધિનો લેપ નગારાંઓ ઉપર ચોપડી તે નગારાં શહેરમાં તેમજ તેના રસ્તાઓ, ગલી, મેહેલ્લાઓમાં વગાડતા જવું એટલે એ નગારાંનો અવાજ જ્યાં જ્યાં સુધી સંભળાશે ત્યાં ત્યાં સુધીમાં જે વિષનાં પરમાંણું હવા વિગેરેમાં ફેલાયેલાં હશે તે સર્વમાંથી નિર્વિષપણું થઇ જશે અને હવા સાથે શહેર તથા દેશમાંનો સર્વ વિકાર નાબુદ થઇ જશે. આવા વિષહર પ્રયોગ માટે આપણા વૈદકશાસ્ત્રના નામીચા શુશ્રુત નામના ગ્રંથમાં ખાસ દુંદભીસ્વનીય નામનો આખો અધ્યાય લખવામાં આવ્યો છે તે પ્રમાણે અમલ કરવાથી દેશ તથા શહેરમાં વિકાર રૂપ આવેલી વિષની શાંતી થાય છે.

હવે જે છેવટે કાળ (સમય) ના વિકારનો ફારફેર કરવો તે વિષે ટુંકાણમાં એટલુંજ કહેવાનું છે કે જ્યારે જ્યારે જે સમય એટલે ગરમી, શરદી,

અને વૃષ્ટિનો અમલ થતો જોવામાં આવે ત્યારે ત્યારે તે તે સમયે તેના પ્રતિકુળ ઉપાયો ૠતુચર્યામાં વર્ણવેલા છે તે વિધિ પ્રમાણે અર્થાત્ ૠતુચર્યામાં જણાવેલા ઉપચારનું અવલંબન કરી વર્તણુક રાખવી એટલે કાળ (સમય) ના વિકારની શાંતી થતાં તેની બાધાનું નિરવાણ થઇ શકે છે.

ઉપર પ્રમાણે જનસમૂહનો નાશ કરનાર ભયંકર સમયમાં બાકી રહેલાં આયુષ્ય વાળાં માણસોનું આયુષ્ય જાળવવા માટે દૈવવ્યપાશ્રય એટલે ધર્મનિતી વિગેરે દૈવના આશ્રય વાળાં કર્મો કરી જીવિતનું રક્ષણ કરવું એમ કહેલું છે. આવા પ્રકાર ઉપર કેવળ શાસ્ત્ર ઉપર શ્રદ્ધા રાખી ચાલનારા આસ્તિક વર્ગની માન્યતા રહે છે ને રહેશેજ. પરંતુ કેટલાક નીરીશ્વર વાદી નાસ્તિક વર્ગ જે કે પ્રત્યક્ષ પ્રમાણને તથા ઐહિક સુખનેજ માનનારા લોકો છે. તેઓ એ વિશે એવી શંકા લેશે કે તેવા દૈવી સતકર્મ કરવાથી હાલ પ્રત્યક્ષ રીતે શા ફાયદા થવાના છે એતો બ્રાહ્મણોએ પોતાના સ્વાર્થ ઉપર નજર રાખી લખેલું છે પરંતુ તેમ નહીં માનતાં વિચાર કરવો યોગ્ય છે કે સર્વ શકતીમાન શ્રી પરમેશ્વરે આ સંસારમાં એક મનુષ્ય જાત ઉત્પન્ન કરી છે કે જેની માનુશી આકૃતિ સર્વ રીતે એક સરખીજ છે, તથાપિ વિચારવંત મહર્ષિઓએ તેજ મનુષ્યની જાતના જુદા જુદા ચાર પ્રકારના વર્ણાશ્રમ એટલે ચાર વર્ગ ગોઠવ્યા, તેનો મુખ્ય હેતુ એ છે કે જે જે પ્રકારના વર્ગની વર્તણુંક જેવી કે ઉત્તમ, મધ્યમ, સાધારણ અને કનિષ્ટ જેણે જે ગૃહણ કરી તેના પ્રમાણમાં જેવા કે બ્રાહ્મણ, ક્ષત્રીય, વૈશ્ય અને શૂદ્ર એમ એક બીજાથી ચડતા ઉતરતા દરજ્જા પાડી આપેલા છે. અર્થાત્ જે કોઈ ઉંચા પ્રકારના સંસ્કાર તથા વતણુકનો અંગીકાર કરી તદનુસાર ધર્મ, વિવેક અને નીતીથી ચાલે છે તે ઉત્તમ વર્ગ ગણાયા, અને જે કોઇ નીચ સંસ્કાર તથા નીચ હલકી વર્તણુંક રાખે છે તે કનિષ્ટ વર્ગમાં ગણાયા આવીજ રીતે હાલ ચાલતા જમાનામાં જે કે હાલ ઘણે દરજ્જે રાજ્ય કર્તા તરીકે બાદશાહ કહેવાય છે તેવા યુરોપિયન લોકોમાં પણ ઉંચ નીચ ધંધાના અનુક્રમેજ જાતિના વર્ગ ઠરાવેલા છે. આ હકીકત સર્વ કોઇના ખ્યાલ બહાર નથીજ. તો પછી આ ઉપરથી એમ સિદ્ધાંત થાય છે કે ઉંચ નિચ પણું કેવળ સત્ અસત્ કર્મ ઉપરજ આધાર રાખે છે. આમ છે તો પછી સંસારમાંના અલ્પજ્ઞ મનુષ્યો ઉંચ, નિચ, સારૂ, માઠું વિગેરેનો અપવાદ આપી કરેલાં કર્મના પ્રમાણમાં ન્યાય આપે છે તો પછી કે જેણે આપણને પેદા કરેલા છે ને જે સર્વજ્ઞપણાનું નામ ધરાવે છે તેવા સાક્ષા-

ત જે એક પરમેશ્વર છે તેઓ શું મનુષ્યોનાં કરેલાં શુભાશુભ કર્મોના પરીણામ રૂપ ભોગવત્વ ન ભોગવાવે એમ શા માટે અન્યાય ભરેલું મિથ્યા ભાષણ કરવું જોઇએ. આ હેતુ માટેજ શાસ્ત્રનું વચન છે કે

अवश्यमेव भोक्तव्यं कृतकर्म शुभाशुभं ॥

મતલબકે કરેલાં શુભ અને અશુભનું ફળ એટલે શુભ કર્મથી સુખ અને અશુભ કર્મથી દુઃખ એ અવશ્ય ભોગવવુંજ પડે છે, તેમજ

पूर्वे जन्मकृतंपापं व्याधिरूपेणबाधते ।
तच्छांतिरौषधैर्दानै : जपहोमसुरार्चनै : ॥

લખે છે કે પૂર્વ જન્મમાં કરેલાં પાપ આ જન્મમાં જેમ બીજે રૂપે પીડે છે તેમ વ્યાધિ રૂપે પણ માણસને બાધા કરે છે અને તે બાધાની શાંતી ઔષધનાં સેવન કરવાથી તથા જપ, હોમ અને દેવની પૂજા વિગેરે ધર્મ કર્મો કરવાથી થાય છે આ વચનમાં પણ કેટલાક પૂર્વ જન્મને માટે શંકા લેશે, પણ તે લેવા યોગ્ય નથી કેમકે-

अत्युत्कटै : पुण्यपापै : रिहैवफलमश्नुते ।
त्रिभिर्वर्षैस्त्रिभिर्मासै त्रिभिर्पक्षै त्रिभिर्दिनैः

ઘણાં હદઅહાર તીક્ષ્ણ એવાં પુણ્ય તથા પાપનું ફળ આંહીંજ આ જન્મમાં પણ પ્રત્યક્ષ રીતે ત્રણ વર્ષ અથવા ત્રણ માસ ત્રણ પક્ષ અથવા ત્રણ દીવસની અંદર જરૂર મળે છે. માટે સર્વ માણસ માત્રે પોત પોતાના વર્ણાશ્રમની મર્યાદામાં રહી સ્વધર્મના શાસ્ત્રોમાં કહેલા વીધીઓ ઉપર આદર સાથે આસ્થાને માન્યતાની નજર રાખી ધર્મ તથા નિતિના નિયમો પાળવા, અને બીજાને પળાવવા તેમજ શાસ્ત્રની આજ્ઞાનુસાર જેટલી વર્તણુંક થઇ શકે તે કરતા રેહેવા બનતો પ્રયાસ કરવો ઉચિત છે કે જેથી આ લોક તથા પરલોકમાં કલ્યાણકારી સુખ પ્રાપ્ત કરી-પરમાયુ ભોગવતાં જીવિતનું રક્ષણ કરી શકાય. કારણ કે આયુષ્યનો આધાર પણ સુભાશુભ કર્મ ઉપરજ રહેલો છે.

હવે ઉપર લખ્યા ધર્મ કર્મો તથા દૈવવ્યપાશ્રય કર્મનું આચરણ કરવાથી જાહેર રીતે શા શા ફાયદાઓનો લાભ થાય છે તે આપણા ત્રિકાળદર્શી મહાત્માઓએ ગુપ્ત રીતે કરેલો ઐહિક સુખનો સમાવેશ કરેલો છે

તેનુ દિગ્દર્શન માત્ર નિચે પ્રમાણે કરવામાં આવે છે કે જેથી સર્વ વિદ્વાન વર્ગ પોતાની સદ્‌બુદ્ધિ વડે વિશેશ વિચાર કરી લેશે.

જે મનુષ્યનું સામાન્ય રીતે મૃત્યુ ન હોય ને જેણે મૃત્યુકારી દુ:ખ કર્મ પણ ન કરેલાં હોય તેવા બાકી રહેલા આયુષ્યવાળા માણસોને પ્રથમ વમન-વિરેચન આદી જે પંચકર્મ વૈદકમાં કહેલાં છે તે કરાવી વિધિપુર્વક રસાયન પ્રયોગોનું સેવન કરાવવું. આવો વિધિ કરવાથી વિશેશ ગુણ શા થાય છે તે એ કે મેહેલાં સ્નેહપાન કરાવવાથી શરીરના દરેક અવયવો તથા નાડીઓમાં જે જે લુખો મળ ચોટી રહેલ છે તેને સ્નિગ્ધ અને આર્દ્ર કરી આપે છે, કોઠાને શુદ્ધ કરે છે, જઠરાગ્નિ પ્રદિપ્ત કરે છે, ધાતુઓની પુષ્ટી કરે છે, બળવર્ણ તથા યુવાવસ્થાને દ્રઢ કરે છે. પછી તેને પરસીનો આપવાથી શરીર તથા ધાતુઓમાં રહેલા દોષોને બાફ મળે છે ને તેથી તે દોશો પાતળા થઇ કોઠામાં આવી એકઠા થાય છે. ત્યારબાદ તેને વમન એટલે ઉલટી આપવામાં આવે છે તેથી જે કોઠાની અંદર ભેળા થઇ રહેલા દોશો છે તેજ હૃદય તથા કંઠમાં રહેલા ખરાબાને તે મોંઢા વાટે બહાર કાઢે છે તેનાથી હૃદય, કંઠ, માથાની શુદ્ધી થાય છે, જઠરાગ્નિ પ્રદિપ્ત થાય છે, ઉર્ધ્વાંગનું હલકાપણું થાય છે અને કફનો નાશ થાય છે. પછી તેજ માણુસને વિરેચન એટલે જુલ્લાબ આપવામાં આવે છે તેથી કોઠામાં નીચેના ભાગમાં રહેલો તથા નિચેના અરધા શરીરમાં રહેલો ખરાબો હોય છે તેને ગુદાદ્વારાથી તે બહાર કાઢી નાંખે છે તેથી શરીર હલકું થાય છે, મન પ્રસન્ન થાય છે અને વાયુનું અનુલોમન થાય છે અને પિતનો નાશ થાય છે. પછી તેજ માણુસને બસ્તી એટલે પિચકારી આપવામાં આવે છે, તેથી બસ્તીના ભાગ તથા વૃશણ વિગરેના ભાગને સ્નેહન આપે છે તેમજ શરીરમાંના સાતે ધાતુઓને પણ સ્નેહન આપી પોશે છે અને વાયુને સરખો લાવે છે અને મળમૂત્રના દસ્તને સ્વચ્છ કરે છે.

આ પ્રમાણે પંચકર્મ કરવાથી શરીર તથા તેના અવયવો અને તેમાંની ઝીણી મોટી બધી નાડીઓમાં જે કાંઇ રોગોત્પાદક પરમાણુ હોય છે તેનો તદન નાશ થઇ જાય છે. આખુ શરીર સ્વચ્છ થતાં હલકુ અને ફુરતીવાળું અને રસાયન ઔષધ સેવવાયોગ્ય થઇ રહે છે, કેમકે ધોયેલાં સાફ કપડાં ઉપર જેમ કસુંબાનો રંગ ઘણો છબેદાર ચડે છે તેવીજ રીતે ઉપર પ્રમાણે ધોયેલા શરીરમાં ઔષધનો અસર ઘણા ઉત્તમ પ્રકારનો થાય છે.

આ પ્રમાણે રસાયન સેવવા યોગ્ય શરીર થયું ત્યારે તેને રસાયન

ઔષધના પ્રયોગનું યથાવિધિ સેવન કરાવવું. ત્યારે રસાયનનું સેવન બે પ્રકારથી થાય છે તેમાં એક તો "કુટીપ્રાવેશિક" બીજુ "વાતાતપિક" આવા બે પ્રકાર છે તેમાં જે કુટીપ્રાવેશીક એટલે વૈદકમાં કહેલા વિધિ પ્રમાણેનાં બનાવેલ મકાનમાં રહી ઔષધનું સેવન કરવું. અને બીજું જે વાતતપિક એટલે વાયુને સૂર્યનો તડકો એ બંને સહન કરતાં ઔષધનું સેવન કરવું. આ બે પ્રકારમાંથી કુટીપ્રાવેશિકનો પક્ષ મુખ્ય છે ને બીજો ગૌણ છે માટે જેમને જે અનુકુળ પડે તે પ્રમાણે તેમણે એક પક્ષ ગ્રહણ કરી સેવન કરવું. હવે રસાયન ઔષધ કેવા ગુણવાળું હોય તેને રસાયન નામ આપવું તે જાણવાની મુખ્ય જરૂર છે. જે ઔષધ થયેલા વ્યાધીનો નાશ કરે અને ઉત્પન્ન થનારા વ્યાધિને ન થવા દે અને કાયમ રીતે સ્વસ્થ એટલે નિરોગી રાખી તેવાં મનુષ્યનાં ઓજને એટલે જીવિતને વધારે તેવા ગુણ વાળું ઔષધ રસાયન કહેવાય છે. હવે આવા પ્રકારના રસાયન ઔષધોની સેવનથી શા શા ફાયદાઓ પ્રાપ્ત થાય છે તે એ કે–દીર્ઘઆયુ, સ્મરણ શકિત, મેધા, આરોગ્ય, યુવાવસ્થા, કાંતિ, વર્ણ, અવાજનું ચોખાપણું, દેહ તથા સર્વ ઇંદ્રિયોનું બળ, વચનશક્તિ, તેજ, અને પ્રણતિ (પ્રીતીયુક્ત સ્વભાવ) એટલા ગુણોને પ્રાપ્ત કરે છે. (આવા ગુણને આપનાર તથા દરેક મહામારીના રોગોને અટકાવનાર રસાયન પ્રયોગો રાજવૈદ્ય બાવાભાઇ અચળજીના "રૂદ્ર પ્રાસાદ આયુર્વેદીય ઔષધશાળા" માંથી તૈયાર મળશે). રસાયન પ્રયોગના સેવનમાં જે વિધિ પથ્યાપથ્યનો કહેલો છે તે પ્રમાણે અનુવર્તન રાખવું. શિવાય પણ જે વખતે જે જે રૂતુઓનો પ્રભાવ ચાલતા સમયમાં જોવામાં આવતો હોય તે તે રૂતુઓમાં એટલે જો શીયાળાની મોસમ હોય ને તેમાં સખ્ત ગરમી આપનારો તાપ પડતો હોય તો શીયાળાની જે હેમંત રૂતુનો વિધિ છે તેનો ત્યાગ કરી ઉનાળાની જે ગ્રિસ્મ રૂતુ તેના વિધિનું સેવન કરવું ઉચિત છે.

બીજા ઉપાયમાં શાંતીકર્મ, બલિદાન, દેવપુજા, દાંન, યજ્ઞ, યાગ, વિગેરે ધર્મ ક્રયો કરવાની આજ્ઞા છે. આ બાબતમાં દરેકની સમજ ક્રમવાર જુદી જુદી નીચે લખી જણાવવામાં આવશે. પરંતુ તેમાં પણ પ્રથમ ધર્મ સં-બંધિ નિત્ય કર્મ છે તે વિશે વીચાર કરીએ.

ચાર ઘડી રાત્રી બાકી હોય ત્યારે પ્રાતઃકાળે ઉઠવું, તેનું કારણ એ છે કે તે સમયે અંતઃકરણની વૃત્તિ ઘણીજ શાંત ઉપાધિ રહીત શુદ્ધ હોય છે તેથી જે કાંઇ કાર્ય તે વખતે કરવામાં આવે છે તેની અસરનો ફોટોગ્રાફ હૃદયરૂપી આરીસામાં ઘણા ઉત્તમ પ્રકારનો છપાય છે અને

કેટલાંક જરૂરી કાર્ય તેવા એકાંતનાજ વખતે કરવાની વધારે સગવડ મળેછે. તેમજ છ પ્રકારથી આયુષ્ય ઘટે છે તે માંહેલી પ્રભાતની નિંદ્રાએ પણ આયુષ્યને ઘટાડે છે. સૂર્યોદય થાય કે તરતજ પાછું વ્યવહારીક કામમાં જોડાવવાનું છે તેમાં મોડું ન થવા માટે પ્રાતઃકાળમાં વેહેલા ઉઠવાની આજ્ઞા છે.

ત્યાર પછી બીછાંનામાં જાગૃત થયાકે તરતજ બેઠા થઇ આંખોના ચીપડા ધોઇ મોંઢામાં આખી રાત્રીને લીધે જે કફ એકઠો થઇ રહેલ હોય તે કાઢી સાફ કરવા માટે ત્રણ પાંણીના કોગળા કરવાનો વિધિ છે. પછી પ્રથમ ઈશ્વર તથા તે તુલ્ય ગુરૂનું સ્મરણ કરવાનું છે તે એટલા માટે કે આ દેહ ક્ષણભંગુર છે એક ક્ષણ મનુષ્યને માટે શી રીતે નિર્ગમન થશે એ જાણવાનું હોતું નથી માટે સર્વજ્ઞ પરમેશ્વરનું પ્રથમજ સ્મરણ કરી પ્રાર્થના કરવી કે આ સંસાર રૂપી યાત્રાને પાર પોચાડનાર તુંજ છે ને તારીજ કૃપાથી પાર પમાશે વિગેરે.

રાત્રી આખીમાં નિદ્રાનું સેવન કર્યાથી લોહીની ગતિ ઘણીજ શાન્ત અને ઠંડી થઇ રહેલી હોય છે. તેમજ શરીરમાંના બધા મળાશયો પણ પોતપોતાના મળથી ભરપુર ભરાઇ રહેલા હોય છે તેને માટે શૌચવિધિ મુખપ્રક્ષાલન અને ગંડુશાદીવિધિ તે તે મળાશયોના મળ સાફ કરવા કહેલા છે તેમાં વિશેશ કરી ઝાડેજવા શેહેર બાહાર જવાનું એજ કારણ છે કે તેટલે દુર ચાલી જવાથી શરીરના અવયવોનું હલન ચલન થવાથી રૂધિરની ગતિ તેજ થઇ સરખી થાય. ગરમી આવે અને વળી જે પગ વિગેરેના રગો તથા સાંધાઓ રાતના થડાઇને લીધે અકડાઇ રહેલા હોય તે છુટા થઈ પોત પોતાનું કામ કરવા લાયક થાય અને મળમુત્ર બરાબર ઉતરવાથી પેટ, પેડુ વિગેરે આશયોનો ભાગ સાફ થાય છે. અને તે વખતે મૌન્ય (મુંગા) રેહેવાનો એજ સબબ છે કે જે કામ એકાગ્રવૃત્તિથી કરવામાં આવે છે તે યથાયોગ્ય પરિપૂર્ણ થાય છે. મળમુત્ર કર્યા પછી માટીથી અંગ ધોવાનો વિધિ છે તે પણ અંગના ભાગથી ખરડાઇ રોકાઇ ગયેલાં રોમ રૂપને સાફ કરી ખુલ્લાં કરવાં, મળકાઢી નાંખવા તથા દુર્ગંધ દુર કરવા માટેજ ઘણા પાણી તથા માટીથી પેશાબની જગ્યાએ બે અને મળદ્વારને પાંચ વખત ધોઇ સાફ કરવાની આજ્ઞા છે. કેમકે બાહ્ય તથા આભ્યંતર શુદ્ધ અને પવિત્ર રેહેવું એજ સુખી રેહેવાનું મુખ્ય સાધન છે. તેમજ હાથ, પગનાં તળાંની ચાંબડી ઘણી કઠોર હોય છે તેથી તે પણ એકલાં પાણીથી નહીં ધોતાં આઠ દસ વખત માટી લગાવી બંને હાથ સાથે ઘસી ઘણા પાણીથી

સાફ કરવા કહેલું છે કે તેમ કરવાથી હાથ પગની ત્વચામાંનાં છીદ્રો સાફ થઇ ખુલ્લાં થાય છે આવીજ રીતે મોંઢું દાંત વિગેરે સાફ કરવાથી પણ તે તે ભાગ સ્વચ્છ થાય છે. એ સર્વે કોઇના સમજમાં આવે તેવુંજ છે માટે વિશેશ વિસ્તાર કરવા કાંઇ કારણ રહેતું નથી. પછી તરતજ તુળશી તથા ગાયનાં દર્શન કરી નાહવાનો વિધિ છે તેમાં તુલસીના ઝાડમાં સ્વાભાવિક સુગંધિ તથા ઇલેક્ટ્રીક રહેલી છે તેથી તેની હવા તેની પાસે જઇ લેવાની સવડ માટે દર્શન કરવા કહેલું છે તેથી તેનાં દર્શન આરોગ્ય આપનાર છે અને ગૌ માતાના ગુણ તો જાહેર રીતે સર્વે કોઇનાં જાણવામાંજ છે કે મનુષ્ય તથા પ્રાણીમાત્રને પોશણનું એક મોહોટું સાધન છે તેથી તેનું શરીર દેવમય માની પૂજનિક ગણાય છે તેમજ તેનું મૂત્ર, છાણ અને તે જાયગાની માટી એ ઘણી ઉપયોગી વસ્તુઓ પવિત્ર કરનાર તથા હવા સુધારનારી હોય છે માટે સર્વે માણસે પોતાના ઘરમાંજ એક અથવા એકથી વધારે ગાય અવશ્ય રાખવી ઘટે છે. કારણ કે એકતો ઘરમાંની હવાનો સુધારો થયા કરે અને બીજું કે જે ઉત્તમોતમ પોશણ આબાળ વૃદ્ધ પર્યંતને આપનાર જે તેનું પવિત્ર દુધ છે તે તથા તેના પવિત્ર દર્શનનો લાભ નિરંતર મળ્યા કરે.

આખી રાત્રી ઘર બંધ હોવાથી માણસના શ્વાસોશ્વાસની ઝેરી હવા ભરાયેલી હોય છે તેને બહાર કાઢવા માટે જે પ્રથમ દીવો કરવો પડે છે તેમજ ગરમ પાણી કરવા માટે ચુલો સળગાવવામાં આવે છે તેથી થયેલો ધુમાડો તથા ગ્યાસ ઘરમાં ભરાય છે ને તે ઘરમાં રહેલી ખરાબ હવાને બહાર ઠેલી કાઢે છે. નવ છિદ્રવાળું અને અત્યંત મલિન કેમકે રાત્રી દીવસ તે નવ છિદ્ર તથા રોમ કૂપમાંથી શરીરમાંની ધાતુઓના મળનો સ્રાવ થયા કરે છે તે સ્રાવ રાત્રીની શાંતિને ઠંડીને લીધે રોમકૂપમાં જામી રહેલો હોવાથી રૂવાંડાનાં મોઢાં બંધ થઇ ગયેલાં હોય છે તેથી જોઇએ તેટલી અંદરની હવા બહાર જઇ શકતી નથી અને બહારની હવા અંદર જઇ શકતી નથી. માટે તેવાં શરીરનાં છીદ્રો ખોલવાના હેતુથી સ્નાન કરવા પેહેલાં તેલનો અભ્યંગ કરવા કહેલું છે જેથી જે કાંઇ મેલ જામેલો હોય તેને તેલ લાગવાથી કુણો થાય, ને તરતજ ગરમ પાણીથી શરીર ચોળી નાહાવામાં આવે છે તેથી રોમકૂપનો મેલ ધોવાઇ તેના મુખ સ્વચ્છ ને સાફ થઇ ખુલ્લાં થાય છે, તેથી હવાની આવજાવનો પ્રવાહ શરૂ થાય છે. પાણીની અંદર જે રોગોત્પાદક પરમાણુ હોય છે તેનો ગરમ પાણી કરવાથી નાશ થઇ શુદ્ધ ચોખું થાય છે માટે ગરમ પાણીથીજ નાહાવું યોગ્ય છે. તેમજ સ્નાન પેહેલાં દેહ

સુદ્ધી કરવા માટે ગાયનું મૂત્ર, છાંણુ તથા માટી વિગેરેનો લેપ કરવા પડે છે તેથી શરીરની ત્વચાના તમામ પ્રકારના રોગો મટે છે ને આરોગ્યને આપે છે. તેમજ ભુમી પવીત્ર કરવા માટે પણ તેનો ઉપયોગ લેવામાં આવે છે. તેથી ભૂમી શુદ્ધી થતાં તે ગાયના મૂત્ર વિગેરેમાં ઓક્ષીજન વિગેરે હવા સુધારનારાં પરમાણુવાળી હવા સમાયેલી હોય છે તેથી બહારની હવાને પણ તે સુધારે છે. નહાયા પછી સારી રીતે ધોયેલું તડકે સુકાએલું અને બીજા કોઇએ ન ફેંદેરેલું સ્વચ્છ વસ્ત્ર પેહેરવું યોગ્ય છે કેમકે પેહેરેલાં તથા મલિન વસ્ત્રમાં શારીરીક મળ લાગી રહેલો હોય છે ને પહેરવાથી એક બીજાના ચેપી દર્દો લાગુ પડે છે, અને જો ધોયેલું સ્વચ્છ વસ્ત્ર તૈયાર નહોય તો રેશમી કંતાની અથવા ઉનનું વસ્ત્ર પેહેરવાની પરવાનગી છે કારણ કે તેમાં ઇલેકટ્રીક રહેલી હોય છે અને સ્વાભાવીક ગરમી હોવાથી તેમાં આરોગ્ય આપવાની શકતી વીશેશ રહેલી છે.

ત્યારબાદ સંધ્યા તથા શિવ પૂજન કરવાનો વિધિ છે તેમાં પ્રથમજ ભસ્મ ધારણ કરવું પડે છે તેનો એજ સબબ છેકે નાહવાથી જે કાંઇ શરદીનો અસર થયો હોય તેમાં ગરમી લાવવા માટે તથા બહારની શરદીનો અસર શરીરની અંદર જતો અટકાવવા માટેજ ભસ્મ ધારણ કરવા કહેલું છે અને તેનું બીજું નામ રક્ષા છે એટલે રાક્ષસો વિગેરેથી મનુષ્યની રક્ષા કરે છે માટે તેનો પર્યાય રક્ષાપણ આપેલો છે તેમજ રૂદ્રાક્ષ, સ્ફાટિક વિગેરેની માળાઓ પેહેરવાની ખાસ આજ્ઞા છે તો તેના ધારણથી પણ આરોગ્યમાં વધારો થાય છે કેમકે તેમાં ઇલેકટ્રિક સમાયેલી છે અને સ્ફાટીકના સ્પર્શથી અંતઃકરણ પ્રફુલિત થતાં દાહ (બળતરા) ને શાંત કરે છે કેમકે તે કુદરતી રીતે હિમ સ્પર્શ છે તેથી તેમાં સ્વાભાવિક શાતતા રહેલી છે.

પછી સંકલ્પ આચમન વિગેરે કરી પ્રાણાયાંમ કરવું પડે છે તેનો મુખ્ય હેતુ એ છે કે પ્રથમ જેમ ઘરમાંથી ખરાબ હવા કાઢી સાફ કરેલ છે તેમજ આ શરીર રૂપી ઘરની અંદરની ખરાબ હવા કાઢી સ્વચ્છ કરવા તથા બહારની તાજી ને શુદ્ધ હવા ભરવા માટેજ પૂરક, કુંભક અને રેચકની કીયાથી પ્રાણાયાંમ કરવાનો વિધિ છે, તેમ તેનાથી નાડીઓના રસ્તા ચોખા થાય છે, ને જઠરાગ્નિને તેજી મળે છે. અને જેટલો શ્વાસોશ્વાસ રોકાય છે તેટલો આયુષ્યનો વધારો થાય છે, પછી ઉભા થઇ સૂર્યાર્ધ તથા ઉપસ્થાંન કરવું પડે છે તેનું પણ એજ કારણ હોય છે કે શરીરના અવયવો તથા તેના સાંધા ઉઠવા બેસવાથી શરિરની ગતીનાળી થાય છે તેમજ

દેવ પુજનની શરૂઆતમાં પણ અંગોના ન્યાસ તથા મુદ્રાઓ કરવી પડે છે તેનો પણ એજ સબબ છે કે શરીરના તમામ સાંધાઓ તથા રગો આંગળીઓ વિગેરે પોત પોતાનું કામ બરાબર બજાવી શકવા માટે એ પ્રયાસ લેવાનો હોય છે.

હવે પછી દેવપૂજન કરવાનો પ્રારંભ થાય છે. ત્યારે પ્રથમ જે ઘરમાંની બગડેલી હવા કાઢી ખાલી કરી રાખેલ છે તેમાં જો કે કુદરતી રીતે સવારની તાજી હવા બારી બારણાઓથી દાખલ થયેલી છે તોપણ તેમાં ઉંચા પ્રકારની શ્વાસ ભરવાનું કામ બાકી છે માટે દેવ પુજનમાં જે ઘીના દીવાઓ તથા સુગંધિ ધૂપ, અગરબતી સળગાવવામાં આવે છે તેથી તેમજ સુગંધી, સુખડ, કેશર, કસ્તુરી, કપુર, અર્ગજા, અત્તર અને તરેહ તરેહનાં સુગંધિ ફુલોનો ઉપયોગ લેવાથી સ્થાવર તથા જંગમ બન્ને પ્રકારનાં ઘરમાં શુદ્ધ, તાજી, નિરોગી શ્વાસની હવા ભરાઈ મગજ તર થાય છે તેથી તન, મન અને અંતઃકરણને પુષ્ટી મળે છે. તરેહ તરેહનાં સ્તોત્ર પાઠ તથા આરતિના પાઠ કરવાથી પણ અંતઃકરણ પ્રફુલીત થતાં બધી રીતે પ્રસન્નતાથી આનંદ પ્રાપ્ત થાય છે. અને સતચિદાનંદ રૂપ જે શુદ્ધ ચૈતન્યમય જે કોઇ સર્વ શક્તીમાંન શ્રી પરમેશ્વર છે તેનું એકાગ્રચિત્તે ધ્યાન ધરવાથી યોગ શાસ્ત્રના નિયમ પ્રમાણે દિવ્યચક્ષુથી તેવા સર્વજ્ઞ કર્તા હર્તારૂપ પ્રભુનાં પ્રત્યક્ષ દર્શનનો અલભ્ય લાભ મળે છે. આવી રીતે એકાગ્રચિતે વૃત્તિ કરવાના નિત્ય અભ્યાસથી અનિર્વચનીય (વાણીમાં ન આવી શકે તેવા) એવા અગણીત ફાયદાઓ મેળવી શકાય છે કે જેનું વિશેશ વર્ણન કરવું અત્રે જરૂરનું નથી. આ બધી ક્રિયાઓ કરવાથી શરીર રૂપી યંત્રનું જઠરાગ્ની રૂપી બોઇલર પ્રજ્વલિત થઇ રહેલું હોય છે તે માટે જે નિરાવયવ દેવના પુજનમાં ઉત્તમ પ્રકારનું નૈવેદ્ય ધરાવેલું હોય તેજ નૈવેદ્ય આ દેહમાં રહેલા સાવયવ દેવને અર્પણ કરવાનો હુકમ છે તો તેમ થવાથી જરૂર વખતે જોઇતો ખોરાક મળવાને લિધે જઠરાગ્ની પોતાનું કામ શરૂ કરે છે ને તેથી શરીર પોષણ પામી વ્યવહારિક સર્વ કામ કરવા સમર્થ થાય છે.

બ્રાહ્મણ, ક્ષત્રીય અને વૈશ એ ત્રણ જાતને યાવત જીવિત અગ્નિહોત્ર હોમવાનો વિધિ છે તેનું એ કારણ છે કે ઘી તથા યજ્ઞકાષ્ટની આહુતિઓ આપવાથી જે ધુમાડો પેદા થાય છે તેમાં નિરોગી શ્વાસની અસર રહેલી હોય છે તેથી એક શહેરમાંના ઘણાં ઘરોમાં આવી રીતે અગ્નીહોત્ર હોમાવવાના સબબે તેનો ધુમાડો આખા શહેરમાં ફેલાય છે તેથી શહેરની બગડે-

લી હવાને દુર કાઢી સ્વચ્છ હવા સમગ્ર શહેરમાં ફેલાવી આપે છે કેમકે યજ્ઞકાષ્ટ જેવાં કે વડ, ઉમરો, પીપળો, ખાખરો વિગેરે જે યજ્ઞમાં બાળવા લાયક કાષ્ટ હોય છે તેમાં વિશેશે કરી વાતાવરણ સુધારવાનાં તત્વો રહેલાં હોય છે. આવિ રીતે હોમ, હવન, યજ્ઞ અને યાગ થવાથી અગ્નિ તત્વ રૂપી અગ્ની દેવ પ્રસન્ન થાય છે. ને વાતાવરણ સુધરે છે, તેનો ધુમાડો આકાશમાં ફેલાવાથી સમયસર વરસાદ વરસે છે ને તેથી અનાજ વિગેરે પેદા થઇ સંસારમાં રેહેનારાં મનુષ્ય તથા પ્રાણી માત્રનું પોશણ થાય છે. અને આવાં વખાણવાં યોગ્ય કાર્ય ઘણાં શેહેરો તથા ગામોમાં કરવાથી આખા દેશનું કલ્યાણ થઇ શકે છે. નોખા નોખા પ્રકારના વનસ્પતિની આહુતિઓ આપી હોમ હવન કરવાનો હેતુ પણ નોખા નોખા પ્રકારે બગડેલી હવા સુધારવા સબબેજ હોય છે.

હવન તથાં પૂજનના સંગમાં બલિદાનો આપવાં પડે છે તેનો મતલબ એ છે કે એ નિમિત્તથી બિચારાં મૂગા પ્રાણીઓને ખોરાક મળવાથી તેનું ભરણ પોશણ થાય છે ને તેમાં રહેલો આત્મા તૃપ્ત થતાં આનંદ પામી સુખી થાય છે અને તેનાં સુખનું ફળ આપણને મળે છે.

ધર્મ કૃત્યના કાર્યમાં બ્રાહ્મણોને વરાવી તેમને વસ્ત્ર વિગેરે ઉપરકર આપવાથી તથા દક્ષણા, દાંન વિગેરે આપવાથી તેઓનું ભરણ પોશણ થતાં સારી રીતે બીન હરકતે તેઓનો નિર્વાહ ચાલે છે, તેવી રીતે તેઓનો નિર્વાહ ચલાવવાનો એજ મુખ્ય હેતુ છે કે તેઓની ફરજ માત્ર વેદનું ભણવું, ભણાવવું, અને ત્રણે વર્ણને ધર્મનાં ધોરણોનો બોધ આપવો ને તે પ્રમાણે વર્તાવવા એજ તે બ્રાહ્મણ વર્ણની ખાસ ફરજ છે અને તેવા ભૂદેવો (બ્રાહ્મણો) નું પુજન કરી સનમાંન સાથે તેઓનું ભરણ પોશણ કરવું એ ત્રણે વર્ણાશ્રમી ગૃહસ્થોની ખાસ ફરજ છે. તેમજ અનાથ, નિરાશ્રીત જેવાં કે સાધુ, ફકીર, ભીખારી, લુલાં, લંગડાં, બેહેરાં, બોબડાં અને અપંગ આંધળાંઓ જે કોઇ તરેહનો ધંધો ન કરી શકે તેવાં દીન લોકોને ખોરાક, કપડાં વિગેરે જોઇતો આશ્રય આપવાથી તેઓનો નિર્વાહ ચાલતાં શરીરને પોષણ મળે છે ને તેઓની ઇચ્છા પુરી થતાં તૃપ્તી થવાથી તેઓનાં દીન અંતઃકરણ ઘણાંજ ખુશી થઇ સંતોશ પામે છે તેથી તેઓ દાંન દેનારને ખરી લાગણીથી આશિર્વાદ આપે છે. કહેવત છે કે " આત્મા સો પરમાત્મા " આ કહેવત પ્રમાણે રંક અને હાથીથી કીડી પર્યંત કે જેમાં એકસરખું ચૈતન્ય રહેલું હોવાથી સુખ દુઃખની લાગણી સમાન રહેલી

છે તેવાં ચૈતન્ય સમુદાયનેજ સાક્ષાત પરમેશ્વર મનાય છે માટે ઘણા લોકોની પ્રસન્નતા થઇ તો સર્વવ્યાપક પરમેશ્વરની પ્રસન્નતા થઇ એમ સૌ કોઇ માણસે નિઃસંદેહ સમજવું યોગ્ય છે. અને વળી એક સરખા મનુષ્ય જાતિપણાના અભિમાનથી માણસ માત્ર આખા જગતમાં રહેલા છે તે. આપણાજ ભાઇ-ઓ છે એવી સમાન દ્રષ્ટીની નજરથી જોતા આપણે સર્વે સૃષ્ટી કરતાના હુકમથીજ બંધાયેલા છઇએ તો આપણ સર્વે જે કોઇ આપણા ભાઇઓ અનાથ, નિરાશ્રીત, દીન અને હરેક પ્રકારે અશકત હોય તેને જે કાંઇ આપણી શકતી હોય તેના પ્રમાણમાં મદદ આપવાની ખાસ ફરજ છે અને તે ફરજ તન, મન અને ધનથી પરોપકાર બુદ્ધિ રાખી સંપૂર્ણ રીતે અદા કરીએ ત્યારેજ આપણે મનુષ્યની ગણનામાં ગણાઇયે, કારણ કે પશુમાં અને મનુષ્યમાં તફાવત માત્ર ધર્મ અને વિવેક બુદ્ધિનોજ હોય છે.

બ્રહ્મચર્ય, સત્યભાષણ, યમ, નિયમ, પ્રાણીમાત્ર ઉપર દયા, શાંતી, સદ્દવૃત્તિ, પરોપકાર, વિવેક બુદ્ધિવાળી સમાન દ્રષ્ટી, સત્સંગ અને સદાચાર વિગેરે સદ્દગુણો તથા દિનચર્યા, ઋતુચર્યાના નિયમોનું સેવન રાખી સાવધાન ચિત્તે સદ્દવર્તન કરવાથી માણસ સો વર્ષનું પૂર્ણ આયુષ ભોગવતાં નિરોગી રહી સુખ ભોગવે છે અને મહાન વ્યાધિરૂપ વિપત્તિમાંથી બચે છે. વળી સાધુ તથા મહાત્મા પુરૂષો તેવા મનુષ્યની પ્રસંશા કરે છે. સારી ઉંચા પ્રકારની વર્તણૂકના યશથી આખું મૃત્યુલોક ભૂરાઇ જાય છે. એ ધર્માત્મા મનુષ્ય પ્રાણી માત્રથી બંધુતાનો સંબંધ પ્રાપ્ત કરે છે અને એ પુણ્યકર્મા ઉચ્ચ પકારના મહાન્ પુરૂષોનો વાસ મેળવતાં યશ, પ્રસંશા, કીર્તી, મિત્રતા, અને ઉત્તમતાનો મોટો લાભ મેળવે છે વાસ્તે સર્વ મનુષ્ય માત્રને ઉચિત છે કે ઉપર જણાવેલા સદ્દગુણોનું નિરંતર અનુષ્ટાન કરતા રેહેવું તેમજ બ્રહ્મચર્ય પાળવામાં. આ શિવાય વિશેશ એ છેકે જીવનના આધારભૂત અને શરીરમાંની સપ્ત ધાતુઓનું સત્વમય જે વિર્ય છે તેના સ્થિરપણાથી સ્મૃતિ, બુદ્ધિ, મેધા, જ્ઞાન, શકતી, પરાક્રમ અને જીવિતનો વધારો થાય છે. ચાવા ન મળી શકે તેવા પદાર્થોનો વિશેશ વધારો થવાથી દઇવી તથા માનુષી જે કાંઇ મહતકાર્ય કરવાનાં હોય છે તે સર્વે નિર્વિઘ્નતાથી સંપૂર્ણ કરવામાં સમર્થ થવાય છે.

આપણા દેશમાં પ્રતિવર્ષે દીપોત્સવી (દીવાળી) અને હુતાશણી (હોળી) ના ઉત્સવો કરવાનો ચાલતો રીવાજ છે તેપણ ખાસ એક પ્રકારનું ઘર તથા શહેરનું ડીસઇનફેક્ટ (શોધન) કરવાના હેતુથીજ તે કરવામાં આવે છે એમ અનુમાન થઈ શકે છે, કારણ કે જ્યારે તે સમય નજીક આ-

વે છે ત્યારે માણુસો પોતપોતાનાં મકાનોમાં આખા વર્શનો જે કાંઇ ખરાબ ખેરીઓ એકઠો થઇ પડેલ હોય તેને બહાર કાઢી ફેંકી દે છે. મકાનો-માંથી ઝાડી ઝુડી કચરો કઢાવી સાફ કરાવે છે અને પછી તેમાં જે કાંઇ રીપેર કરવાનું કામ હોય તે કરાવે છે પછી કળીચુનાથી આખુ મકાન વ્હા-ઇટવોસ કરાવે છે તેમજ લાકડ, લોખંડ વિગેરેનાં કામ ઉપર તેલ, રોગાન, રંગ અને વારનીશ આપી રંગાવવામાં આવે છે. આવું કામ કરવાથી ઘરના અંદર જે મેલ, સડો વિગરે જે ખરાબો કે જે ઘરની હવાને ખરાબ કર-નાર તથા તંદુરસ્તીમાં ખલેલ પોંહોંચાડનાર જે કાંઇ દુર કરવા લાયક દુ:ષ્ટ પરમાણું હોય છે તે બધાનો નાશ થઈ જાય છે અને મકાન સ્વચ્છ ને શુધ્ધ હવાવાળું થાય છે. તેમજ વળી ઘરમાં ભોંયતળીએ ગાયનું છાંણુ મા-ટી વિગેરેથી લીંપવામાં આવે છે તેથી પણ ભોંયતળીયાનો ખરાબો દુર થઇ જાંયુ, માટીની કુદરતી ગંધથી વળી વધારે ઘરની હવા સુધરે છે. હજી દીવાળીના દીવસને લગભગ પંદરેક દીવસ બાકી હોય તે દીવસોમાં શહેરના લોકો ચુડદીઆ તથા તરેહ તરેહની આતસબાજી વછોડવી શરૂ કરે છે કે જે આતશબાજી ગંધક, સુરોખાર અને કોયલા વિગેરે જે હવાને સુધા-રનાર પદાર્થો છે તેથી બનેલા દારૂની હોય છે તેનો ઉપયોગ સરાસરી બેએક અઠવાડીયાં સુધી લેવાયાથી શહેરના દરેક મેહેલે મ્હેલ્લામાં તેનો ધુંવાડો ફે-લાય છે ને તેથી આખા શહેરની હવા સ્વચ્છ થાય છે અને રોગોત્પાદક ઝીણા જંતુઓનો નાશ થાય છે. ત્યારબાદ લગભગ ચાર પાંચ રોજ દરેક ઘર તથા જાહેર રસ્તાઓમાં રોશની કરવામાં આવે છે તેથી પણ ઉત્તમ પ્ર-કારની ગ્યાસ પેદા થઇ હવા સુધરે છે, અને વળી તે ત્રણ દીવસમાં સર-સ્વતિ તથા મહાલક્ષ્મી વિગેરેનાં પુજન કરવામાં આવે છે તેનો હેતુ પણ એજ છે કે ઉપર પ્રમાણે શહેર તથા તેમાંનાં ઘરો વિગેરેની સફાઇ થઇ ગયે-લી છે. ને વળી દરેક ઘરોમાં ચંદન, પુષ્પ, ધૂપ, દીપ, નઇવેદ્ય, અને કપુર-ની આરતિ વિગેરેથી પુજન કરવામાં આવે તેથી ઓર વિશેશ સફાઇ થ-તાં તંદુરસ્તીને આપનાર પરમાણુઓ ફેલાય છે અને તેથી તમામ શહેર-માંના લોકો નિરોગી રહી વિદ્યા સંપાદન કરી સદ્ઉદ્યોગવડે પ્રયત્ન કરી કરેલાં પુજનના પ્રભાવથી લક્ષ્મી મેળવી સુખ ભોગવતાં આખું વર્ષ ખુશી-ને સાથ પુરૂ કરે છે. આવીજ રીતે હુતાશણી માટે પણ સમજદાર માણુ-સે સમઝી લેવું જોઇએ. આવાંજ કારણોથી શાસ્રકારોએ દેવ નિમિત્તનાં દરેક હ્યોમાં મહાન મહિમા મુકેલો જણાય છે.

માણુસના જન્મ તથા મૃત્યુ થયા બાદ પરંપરાનુ પેઢીઓના પ્રમાણુ-સર ૧૦-૩-૧ નું સુતક પાળવાનો અથવા એક ગોત્રીઓ હોય તેને વિશેષ નહિતો સ્નાન માત્રજ પણુ કરવાનો ધર્મશાસ્ત્રનો હુકમ છે. સિવાય પોતાની જાત બીરાદરીમાં અથવા પરજ્ઞાતિમાં પણુ સ્મશાને જવું પડે તો એક રાત્રી તથા શબ સ્પર્શ કરવો પડે તો ત્રણુ રાત્રીનું સુતક રાખવુંજ જોઇએ આવો સખ્ત વિધિ કરેલો છે તેનો પણુ એજ સબબ સમજવામાં આવે છે કે જન્મેલા બાળકના શરીરમાં વખતે વારસામાં ઉતરતો હરકોઇ વ્યાધિ હોય તેના તથા તેની માના શરીરમાંથી નીકળતા પ્રાણીજદ્રવ વિગેરેનો સંસર્ગ દોષ ન લાગવા માટે તેના ઘરનાં માણુસો કુટુંબીઓએ બીજા માણુસોને સ્પર્શ કરવા વિગેરેની મના છે. તેમજ વળી મૃત્યુ સુતકમાં તો પ્રતક્ષપણાએ જાણી શકાય છે કે મરનાર મનુષ્ય હરકોઇ વ્યાધિથી મરણુ પામેલો હોય છે તો તે વ્યા-ધિ ચેપી હોય અથવા તે રોગનાં સુક્ષ્મ પરમાણુ તેના ઘરના તથા તેના કુટુંબી માણુસમાં સુક્ષ્મરૂપે સમાયેલાં હોય તો તેના સ્પર્શ વિગેરે સંસર્ગથી બીજા નિરોગી માણુસોને વિના સબબે એ દુઃખદ વ્યાધિના ભોગી થવું પડે એ તદન ગેરઇન્સાફ થયો કહી શકાય માટે એ ગેરઇન્સાફ થતો અટકાવવા ખાતર આપણા ડાહ્યા ધર્માચાર્યોએ કુટુંબની નજીકીના પ્રમાણુમાં ઓછા અદકા દિવસનું સુતક પળાવી ઉડતા ચેપી રોગનો એપ અટકાવવા માટેજ ખાસ સુતક ઠરાવવામાં આવ્યું.છે અર્થાત્ તે એક પ્રકારનું "કવારનટાઇન" ના મતલબે સુતકની યોજના કરી જણાય છે. સૂર્ય-ચંદ્ર ગ્રહણુને લીધે પણુ સુતક પાળવાનું તથા ઘરમાંથી પડતર કચરો વિગેરે કઢાવી લીપાવી સાફ સ્વચ્છ કરવાં અને જે કોઇ કોઇ દિવસ નહાતો નહિ હશે તેમણે પણુ નાહાઇ ધોઇ ધોયેલાં સ્વચ્છ કપડાં પહેરવાં વિગેરેનો જે ધર્મશાસ્ત્રના વિધિનો પ્રચાર ચાલતો જેવામાં આવે છે તે પણુ કેવળ સ્વચ્છતાઇ, સફાઇ, રાખવા તથા ગંદકી દુર થવાના અર્થે તંદુરસ્તી સાચવવાના હેતુથીજ એ પ્રચાર પણુ ખાસ જરૂરનો છે.

જે દેશ અવિકારી અને કલ્યાણુકારી હોય તે દેશનું સેવન કરવા કહે-લું છે તો તેવો દેશ કેવા ગુણુવાળો હોય તેને કલ્યાણુકારી જાણુવો ? તે વિષે એમ કહેવાનું છેકે આનૂપ, જાંગલ અને સાધારણુ એમ ત્રણુ પ્રકાર દેશના પાડેલા છે તેમાં વખાણુવા યોગ્ય તથા નિવાસ કરવા યોગ્ય સર્વરી-તે ઉત્તમ વર્ગમાં સાધારણુ દેશને રાખેલો છે, તેવા ત્રણે પ્રકારના દેશનાં લ-ક્ષણો નિચે પ્રમાણે હોય છે.

જે દેશમાં થોડું પાણી, થોડાં વૃક્ષો, અને થોડા પર્વતો હોય, જેમાં અત્યંત ગરમ ને દારૂણ પવન વાતો હોય, જેમાં દ્રઢ અને દુર્બળ શરીરવાળાં માણસો વિશેશ હોય તેને " જાંગલ " દેશ કહેવાય છે અને તેમાં વિશેશે વાત, પિત્તનું પ્રાધાનપણું રહે છે, તેમ ઘણા રોગ થતા નથી.

જે દેશમાં ઘણું પાણી, ઘણાં વૃક્ષો, અને ઘણા પર્વતો હોય, જેમાં કોમળ અને શીતળ પવન વાતો હોય, અને જેમાં કોમળ અને સુકુમાર શરીરવાળાં માણુસો વિશેશ હોય તે "આનૂપ" દેશ કહેવાય છે તેમાં વિશેશે કફ અને વાતનું પ્રાધાનપણું રહે છે અને તેમાં ઘણા રોગો ઉત્પન્ન થાય છે.

" હવે જે દેશમાં આનૂપ તથા જાંગલ દેશ બન્નેના ગુણ હોય તથા જે દેશ અતિશય રૂક્ષ કે સ્નિગ્ધ નહોય, જે સર્વત્ર ઘણા તિવ્રકાંટાવાળી ઝાડીથી યુક્ત નહોય, જે અત્યંત ઠંડો કે ગરમ નહોય, જ્યાં થંડી, ગરમી, વૃષ્ટી અને પવન સમાન રીતે હોય, જ્યાં માણસની પ્રકૃતિમાં વાત, પિત તથા કફ એ દોષોની સમાનતા રેહેતી હોય, જ્યાં ઠામે ઠામ જોઇતું પાણી મળતું હોય, જ્યાં મૃગલાં વિગેરે તૃણચર પશુઓ સુખથી વિચરતાં હોય, અને જ્યાં વૃદ્ધ સાધુ, મહાત્મા અને મહર્ષિઓ વિગેરે તપશ્ચર્યા કરી રહેલા હોય તે દેશ "સાધારણ" અને સમ પ્રકૃતિવાળો કહેવાય છે અને તે ઘણા ઉંચા પ્રકારનો કલ્યાણકારી અને તંદુરસ્તી રાખનારો દેશ જાણવો.

ધર્મનો લોપ થવામાં અને અધર્મની પ્રવૃત્તિના પ્રસંગમાં જે સતયુગ, ત્રેતા વિગેરેની કાળ મર્યાદા બતાવેલી છે, તે મર્યાદાનાં ગૌરવ માટે ગૌણ (હલકો) વિચાર કોઇએ લાવવાની જરૂર નથી. કારણ કે જેમ એક કાળ ચક્રના ચાર વિભાગ કરી દરેક ભાગને અનુક્રમથી જેમકે સતયુગ, ત્રેતા, દ્વાપર અને કળીયુગ એવાં વિશેશ નામની સંજ્ઞા આપેલી છે તેમાં મનુષ્યની અવસ્થાના ચાર વિભાગ પાડી તેને પણ તેવાં વિશેશ નામ આપી શકાય છે. જેમકે પેહેલી બાલ્યાવસ્થા એ સતયુગ, બીજી યુવાવસ્થા એ ત્રેતા, ત્રીજી મધ્યાવસ્થા એ દ્વાપર, અને ચોથી વૃદ્ધાવસ્થા એ કળીયુગ, તેમ વળી એક રાત્રી દીવસ મળી ચોવીસ કલાકના ચાર વિભાગ પાડી તેને પણ પ્રાતઃકાળ, મધ્યાન્હકાળ, સાયંકાળ અને રાત્રીનો નિદ્રાકાળ આ પ્રમાણેના ચારે કાળને સતયુગાદી ચારે નામ આપી શકાય છે. કેમકે તે તે અવસ્થામાં તથા જે સમયમાં તે તે યુગાદીનો પ્રભાવ (અસર) માણસની પ્રકૃતિ તથા મનોવૃત્તિમાં વ્યાપિ રહેલો હોય છે ને તેથી તે તેના પ્રભાવ પ્રમાણેજ અનુવર્તન કરે છે. એક વિદ્વાને તો આ વિશયમાં તમામ રીતે ટુંકો વીચાર જણા-

ઓ છે કે જ્યારે માણસ સુતો હોય છે ત્યારે કળીયુગ, બીછાનામાં બેઠો થાય છે ત્યારે દ્વાપર, ઉભો થાય ત્યારે ત્રેતા, અને પોતાના ઉદ્યોગમાં પ્રવર્ત્ત થઇ ચાલતો થાય ત્યારે સતયુગ, આવા ટુંક વખતમાં પણ ચારે યુગો ભોગવાય છે. અર્થાત્ જેવી માણસોની રેંણી, કરણી અને જેવાં મનોવૃત્તિનાં આચરણ હોંય તેના પ્રમાણમાં યુગાદીનાં વિશેશ નામો આપી શકાય છે.

ઉપસંહાર.

ઉપર જણાવેલી દરેક બાબતના ખુલાસા ધ્યાન દઇ વાંચી સમજવાથી હરકોઈ માણસ કબુલ કરશે કે દેવ કાર્ય આદી ધર્મનાં સર્વે કૃત્યોમાં પ્રત્યક્ષ પ્રમાણથી ઐહિક સુખ રહેલું છે અને તેમાં આમુસ્મિક (પરલોકીક) સુખની સિદ્ધિ તો શાસ્ત્રસિદ્ધ છેજ. તો પછી ઉભયાર્થકારી એટલે બંન્ને અર્થને કરનારાં જેમકે " એક પંથ દો કાજ " આ કહેવત પ્રમાણે બેવડાં ફળ આપનારાં દેવ કાર્યો જેવાં કે પ્રાતઃકૃત્ય, સંધ્યાવંદનાદી શિવપુજન, અગ્નીહોત્ર વિગેરે નિત્ય કૃત્ય, નૈમિત્તિક જેવાં કે શાંતિકર્મ, બળિદાન, પૂજા, યજ્ઞ, યાગ, બ્રાહ્મણોનું પુજન, દાન, દક્ષણા, નિરાશ્રિત અનાથ અને અશક્ત લોકોને ધર્માદો. તેમજ દીપોત્સવી તથા હોલિકા પુજન વિગેરે જે જે દૈવ વ્યપાશ્રય કર્મ આપણા પૂજનિક મહર્ષિઓએ આયુષ્યની રક્ષા અર્થે કહેલાં છે તે તે શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે પોત પોતાની શક્તીના પ્રમાણસર શુદ્ધ અંતઃકરણથી સંપૂર્ણ આસ્તા અને વિશ્વાસ રાખી દરેક જાતિના મનુષ્યોએ પોતાના ધર્મશાસ્ત્રના ધોરણો પ્રમાણે સર્વ વ્યાપક અને સર્વ દ્રષ્ટા એવા શ્રી પરમેશ્વર અર્થે અને આપણા સુખ અર્થે જરૂર ધર્મ કાર્યો કરવાં; કે જેથી મહામારી વિગેરે જે દૈવિ કોપ છે તેની શાંતિ થાય અને વિરોગી રહી સુખ ભોગવતાં આયુષ્યનું રક્ષણ થાય, કારણ કે ભગવાન્ એવા પુનર્વસુએ કરેલા નિશ્ચય પ્રમાણે ખરૂં જોતાં બીજ રૂપે સમગ્ર જગતનો નાશ કરનાર એવી મહામારી (મરકી) ની ઉત્પત્તિનું તથા તેની શાંતી થઇ નિર્મૂળ કરવાનું મુખ્ય કારણ અધર્મ અને ધર્મ એ બે જણાવેલાં છે, અને એવા મૂળ કારણ રૂપ જે અધર્મ અને ધર્મ એ બંન્નેનો આધાર કેવળ દેશના પ્રજાપતિ એટલે રાજાઓ ઉપર રહેલો છે કેમકે પ્રજાને ધર્મના નિયમોમાં રાખી ધર્માચરણ કરાવવું એ ખાસ તેઓની ફરજ છે, અને તેમ થવામાં ખાંમી આવે એ કેવળ રાજાઓની બુદ્ધિના પ્રમાદનુંજ ફળ હોય છે. કારણ

કે જેવી રીતે રાજા પોતે જાતે વરતે અથવા પ્રજાને તરતાવે તેવીજ રીતે વર્ત્તે છે. મતલબ જેવા રાજા તેવીજ તેઓની પ્રજા હોય છે. ગીતાજીનું વચન છે કે; राजधर्माणि धर्मिष्टा पापेपापसमेसमा । राजानमनुवर्तते यथाराजातथाप्रजा ॥ પરંતુ પ્રજાના સમુદાયનો સાધારણ નિયમ એવો હોય છે કે पुण्यस्यफलमिच्छंति पूण्यंनेच्छंतिमानवाः । पापस्यफलनेच्छंतिपापंकुर्वंतियत्नतः ॥ પૂણ્યનાં ફળની ઇચ્છા સૌ કોઇ રાખે છે પણ જે કે સુખને પ્રસવનારૂ પુણ્ય છે તે કરવાની ઇચ્છા કોઇ રાખતું નથી. અને પાપનાં ફળની ઇચ્છા કોઇ કરતું નથી પણ જે કે દુ:ખને પ્રસવ કરનારૂં પાપ છે તેને યત્ન વડે કરતા રહે છે એટલે કે જેમાં પાપ રહેલું છે તેવાં કામ પોતાના સ્વાર્થ પારપાડવા માટે પગલે પગલે ચીવટ રાખી કરે જાય છે. જનસમુદાયની આવા પ્રકારે દુ:ખ ઉત્પન્ન કરનારી ચાલતી આદતને સુધારી સુખ ઉત્પન્ન કરનારી પૂણ્યમય વર્તન કરાવવાની આદત પાડવી અને કળીયુગમાંથી સતયુગ પ્રવર્ત્તાવવો. આવા પ્રકારનો ફારફેર કરવામાં પણ રાજાજ સમર્થ હોય છે કેમકે ॥ राजाःकालस्यकारणं ॥ કાળનું કારણ પણ રાજાજ હોય છે. માટે રાજાએ બુદ્ધિના પ્રમાદનો ત્યાગ કરી પોતા તરફના તથા પ્રજા તરફના બંન્ને હક હોય તે ધ્યાનમાં રાખી પ્રજા પ્રત્યે સ્યામ, દામ, દંડ અને ભેદની ક્રીયાથી પોતે તથા પોતાની પ્રજાને નિયમમાં રાખી નીતી-વિવેક સાથે ધર્માચરણ કરાવી પોતાની ફરજ પુરી કરવી યોગ્ય છે. કારણ કે રાજા અને પ્રજા વચ્ચે અભેદભાવ હોય છે તેથી રાજા સુખી તો પ્રજા સુખી, અને પ્રજા દુ:ખી તો રાજા દુ:ખી હોય છે માટે પ્રજાએ પણ રાજાની આજ્ઞામાં રહી તદનુસાર વર્તી સુખ દુ:ખનાં સાથી રહેવું એ ખાસ પ્રજાની ફરજ છે. આ પ્રમાણે રાજા અને પ્રજા વચ્ચેનો ઐક્યતા ભરેલો સંબંધ રહે છે ત્યારેજ અધર્મનો નાશ થાય છે, ધર્મની પ્રવૃત્તિ થાય છે, દુ:ખદેનાર મહામારીઓ જેવી આપત્તિઓ દુર થાય છે અને નિર્વિઘ્નતાથી સંસાર સુખના આનંદને લેતાં પુરૂષાર્થ ચતુષ્ટય સંપાદન કરતાં જીવિતનું સાફલ્ય કરી શકાય છે.

આ શીવાય જે દેશમાં વિકાર પેદા થયો હોય ને જ્યાં મહામારીનો ઉપદ્રવ ચાલતો હોય તે દેશનો ત્યાગ કરી ઉપર જણાવેલા કલ્યાણકારી અવિકારી અને સમ પ્રકૃતિવાળા સાધારણ દેશનું સેવન કરવું. અને ત્યાં બ્રહ્મચર્ય વ્રત ધારણ કરી બ્રહ્મચારી તથા મહાત્માઓની સેવા કરતા. ધર્મ શાસ્ત્ર અને જીતેંદ્રિય મહાત્માઓની કથા સાંભળતાં અને વૃદ્ધ, ધાર્મિક અને સાત્વિક સજ્જનોના નિત્ય સહવાસથી દીવસો નિર્ગમન કરતા રહેવું.

સાથે સત્યભાષણ, પ્રાણીમાત્ર ઉપર દયા અને સદ્‌વૃત્તિનું અવલંબન કરી મહામારીના ઉપદ્રવની શરૂવાત થયાનું જણાય કે તરતજ શહેરના તમામ માણસોએ વમન, વિરેચનાદીથી પંચકર્મ કરાવી શરીરમાં જે કાંઇ રોગોત્પાદક ખરાબો હોય તેનાથી સ્વચ્છ થઈ શરીર ચોખ્ખું કરી લેવું અને જો બની શકેતો રોગ મટાડનાર અને આયુષ્યની રક્ષા કરી નિરોગી રાખનાર રસાયન પ્રયોગોનું યથાવિધિ સેવન કરવું. અને દિનચર્યા, રાત્રિચર્યા, અને ઋતુચર્યાના નિયમોનું સેવન કરતા સદાચાર પ્રમાણે વર્તન રાખવું.

શહેર તથા ઘરોની બની શકે તે પ્રમાણે સફાઇ રખાવવી. તમામ જળાશયોમાંથી ખરાબો કઢાવી સ્વચ્છ રખાવવાં, તેમજ હવા લેવાની દિશાઓ પણ સાફ રખાવવી. ખોરાકી સામાન બધી જાતનો ઉપદ્રવ થયા પેહેલાંનો પેદા થયેલો અથવા બીજા અવિકારી દેશનો મંગાવી તેનાથી પોશણનું કામ લેવું, બનતાં સુધી પોતાના ઘરમાં સૂર્યનો તાપ તથા હવાની આવજાવ થતી રહે તેવી સગવડ રાખવી અને દરેક ઘરનાં ફળીયામાં અથવા ચોતરફ તુલસી, મરવો, ડમરો અને તકમરીયાં વિગેરે જે કુદરતી રીતે આખા રોપાઓ સુગંધિવાળા છે તે અવશ્ય વવરાવી ઉછેરવા તેમાં પણ તુલસીનો મહિમા વિશેશ છે. જો ચારે તરફ વાવવાની સગવડ ન હોયતો જે તરફથી ઘરની અંદર વિશેશ હવા આવતી હોય તે તરફના ભાગમાં તો જરૂર વવરાવવાંજ જોઇએ કારણ કે તુળશી વીગેરેના ઝાડોમાંની સુગંધ ભરેલી હવા ઘરના અંદરની હવાને સુધારી તેમાં રેહેનારા માણસોને તંદુરસ્તી આપે છે. શિવાય દરેક ઘરનાં ફળીયામાં એક લીંબડાનું ઝાડ અવશ્ય જરૂર ઉછેરવું અને તે લીંબડા ઉપર ગળોની વેલ કે જેને સંસ્કૃતમાં "અંમૃતા" કહે છે તે તેના ઉપર જરૂર ચડાવવી. કારણ કે જે લીંબડા ઉપર અમૃત સરખો ફાયદો આપનાર ગળોની વેલ ચડેલી છે તેવા લીંબડાનાં ઝાડ ઉપર થઇ હર વખત આવતી અમૃત સમાન હવા તે ઘરમાં રેહેનારાઓને અમૃત સરખો ગુણ આપી નિરોગી રાખે છે. બગડેલી હવાનો અને રોગોત્પાદકપરમાણુ તથા જંતુઓનો નાશ કરી આપે છે. માટે જો આખા શહેરની આબાદી તથા તંદુરસ્તી ચાહતા હોતો શહેરની અંદર, બહાર, ફરતાં જેમ બને તેમ વધારે સંખ્યામાં લિંબડાનાં ઝાડ વવરાવી ઉછેરો અને તેના ઉપર ગળોની વેલ ચડાવો, તેમજ યુનાની હિકમતના પ્રકરણમાં કેહેવાયેલા ઉપાય પણ ધ્યાન દઇ કરવા યોગ્ય છે માટે તેમાં કહેલી તજવીજો પણ બધી કરવી. બહાર અને અંદરથી શુદ્ધ અને પવિત્ર રેહેવું. મન, વચન, અને ક-

એથી પાપ કર્મ કરવાં નહીં. કપડાં સાફ પેહેરવાં અને હરવખત સુગંધિ પદાર્થ તબીઅતને માફક આવે તેવો પાસે રાખવો. આપણા દેશના વૈદકના આચાર્યોએ નીચે જણાવેલા રોગોજ સંસર્ગિક (ચેપી) રોગ માનેલા છે.

कुष्टंज्वरश्चशोषश्चनेत्राभिष्यदअेवच । औपसर्गिकरोगाश्चसंक्रामंतिनरान्नरं ॥

જેવાકે કોઢ, તાવ, ક્ષય અને આંખના દુખાવાનો રોગ એ રોગોવાળા માણસ સાથે વ્યવહારિક પ્રસંગ, તેના શરીરનો સ્પર્શ, શ્વાસોશ્વાસ સાથે જમવું, સાથે સુવું, સાથે બેસવું અને તેવા લોકોનાં પહેરેલાં કપડાં તથા માળાંઓ વિગેરેનો સંસર્ગ થવાથી એક બીજા ઉપર તેનો ચેપ ફેલાય છે ને તેથી તે રોગ બીજા માણસને થાય છે. માટે મરકીનો તાવ પણ ચેપીજ હોય છે વાસ્તે તેનો ચેપ ઉપર બતાવેલા સંસર્ગથી વધારે ફેલાય નહીં તેવી જેટલી બને તેટલી તજવીજ કરવી જરૂરની છે.

આ પ્રમાણે પ્રાચીન વૈદકના આચાર્યોએ મહામારી (મરકી) ના સબંધમાંથી બચવા અને તેજ મટાડવા માટે ઉપાયો કહેલા છે. આ શિવાય જે કાંઇ બીજા માનુષિ પુરૂષ પ્રયત્નના ઉપાયો લેવાય છે તે આવા પ્રકારના પાપ જન્મ દૈવ કોપને શાંત કરવા માટે તદન નિર્થક થાય છે. કેમકે એવો નિશ્ચય થઇ ગયેલો છે કે દૈવ કૃતને મનુષ્ય કૃત પોંહોંચી શકતું નથી તેમ વળી વ્યાપક તત્વના વિષમપણાથી જે વિકાર ઉત્પન્ન થાય છે તેને મટાડવા અવ્યાપક પદાર્થ યોગ્ય શક્તિવાળા હોતા નથી એ સિદ્ધાંત પ્રમાણે જે વ્યાપકપણાની શક્તિ ધરાવનાર ઉપર કેહેવાઇ ગયેલા દૈવ વ્યાપાશ્રયવાળા ઉપાયો છે તેજ વ્યાપક તત્વોના વિકારોને સુધારી નાબુદ કરી શકે છે. કારણકે તેવાં સુભકર્મો કરવાથી ઇશ્વરની કૃપા થાય છે ને તેથી બધા પ્રકારની મહાન્ વ્યાધી દુર થાય છે.

જેમ અતિ વૃષ્ટીથી મોટી નદીયોમાં અત્યંત જળ પ્રવાહરૂપે પુર પ્રસઇને જનસમુહ, ગામ, નગરનો વિનાશ કરે છે, તથા જેમ આકાશમાંથી વિજળી પડવાથી પ્રાણીયોનો નાશ થાય છે, તેમજ, પૃથ્વીમાં રસાયણ ભાગ ઉકળવાથી ભુકંપ થઇને જેમ અનિયમિત નુકશાન થાય છે તથા જેમ પૃથ્વી ચળ વિચળ ડગવાથી અસંખ્ય ગ્રહ મંડળનો ભોગ થઇ પડે છે છતાં તેના ઉપાયો મનુષ્ય સમુદાયથી યોજી શકાતા નથી તેમ દેશ, કાળ, હવા, પાણી, જમીન વગેરેનો કારણે કરીને બગાડ થવાથી તેનો પણ ઉપાય યોજી શકાતો નથી, તોપણ તેમાંથી બચવાને માટે મહર્ષિયોએ વૈદીક ધર્મને અનુસરીને જે સગવડ બતાવી છે તેજસપ્રમાંણ છે.

આર્ય ભુમિમાં; આચાર્યોએ કર્મ માર્ગ પ્રવર્તક જે ધર્મ બતાવ્યા છે તેમાં કેવળ વૈદીક ધર્મનુંજ રહસ્ય છે, તે સઘળું અમે આગળ બતાવી ગએલા છીએ, જેજે પ્રકારની રૂઢી જેમકે, દીપોચ્છવી, હોળી, વસંત, ફાગ, રંગરાગ, ઉપવાસ માટે અનેક માહાત્મ, દેવદર્શન પુજા, તિર્થ યાત્રા માટે અટન કરવું સંધ્યા વંદનાદી કર્મ, ઉપ:પાન માટે આચમન લેવાનું કાર્ય એ સઘળાને વૈદીક રહસ્યેજ ટેકો આપેલો છે.

શારીરીક સંપતિ સંતોષકારક હોય, નિરોગી હોય, તો તેથી કરીને મનની પ્રસન્નતા રહે છે, મન જ્યારે સબળ હોય છે ત્યારે મનમાં ઉત્પન્ન થતા વિચાર પણ સબળ થઇને કાર્યમાં ફતેહ પામે છે, માટે શારીરીક જ્ઞાન, વૈદ્યકરૂપી અચળ સિંધુમાંથી મેળવવાનું યત્ન દરેક પુરૂશોએ કરવું યોગ્ય છે.

આપણે સમસિતોષ્ણ પ્રદેશમાં રહિએ છીએ. હીમાલય નજીક કાસ્મીર પ્રદેશથી તે દક્ષણ ભાગમાં શ્વેતબીંદુરામેશ્વર અથવા લંકા સુધી આર્ય પ્રદેશ છે; તે આ આર્ય ભુમિ ઉપર ચરક, શુશ્રુત, વાગ્ભટ, ચક્રદત, રૂદ્રદત, ભાવિમિશ્ર, અગ્નીવેશ, ધન્વંતરી, વીગેરે બુદ્ધિવાન થઇ ગયા તેમણે શારીરીક વર્ણન તથા દેશકાળ વીશે વીવેચન અથવા વનસ્પતીના જેજે ગુણદોશ બતાવ્યા છે તે સમગ્ર ઉપર વિચાર કરીને આર્ય ભુમિપર નિવાસ કરનાર જન સમુદાય માટે વાત, પીત, કફ વીગરે પ્રકૃતિનું નિદાન કરી અનુકુળતા આવે તેવાં ઔષધો બતાવ્યાં છે, જેમાં તેમના વિચારનું મુખ્ય રહસ્ય શરીર સંપતિના શોધન અરથે સમાયલું છે, જેને માટે પંચકર્મ વિગેરે તથા રૂતુચર્યા અને દીનચર્યા બાબત વિસ્તાર પૂર્વક લખી ગયા છે તે હકીકત સંસારીક સદગ્રહસ્થોએ અવસ્ય જાણીને તે પ્રમાણે વર્તેનો વ્યાધીરૂપી રાક્ષસ નીકટ આવી શકે નહીં. એ નિ:શંષય છે.

પ્રિય વૃધ મેહેરબાનો! અથવા યુવાનો! આ લખેલા વિષયમાં મુળતત્વ ઉપર નજર કરશો તો દ્રષ્ટીએ માલુમ પડશે કે શરીર વ્યાધી રહીત રેહેવાને કેવાં કારણો યોજવાં જોઇએ.

જુવો કે નિત્ય અહાર કરવાની સુલભ વસ્તુ છે યદ્યપિ તે પણ વિશેશ અહાર કરવાથી, આળસ, નિદ્રા, અકળામણ, ત્રશ, વિકળતા વિગેરેને પ્રાપ્ત કરે છે તો મિથ્યા અહાર વિહારમાં મગ્ન રહેનારાઓ નિરોગી શરીર રૂપી ગ્રહમાં વ્યાધીને પ્રવેશ કરવાને આમંત્રણ કરે છે એમ કહેવાને કંઇ હરકત આવતી નથી.

માટે આર્ય બાન્ધુઓ ! તમને માલુમ પડશેજ કે આપણા પુજ્ય મં-હર્ષિઓએ આપણા હીતને માટે સંન્માર્ગ બતાવીને સંપૂર્ણ ઉપકાર કર્યો છે.

જેમ અગાધ જળમાં અત્યંત પુર છતાં માચ્છલી સન્મુખ ચાલી જાય છે અને તેનાથી લક્ષ ઘણો મોટો કદાવર હાથી છતાં તણાઇ જાય છે તેમ, શારીરીક જ્ઞાનરૂપી સમુદ્રના તત્વવેતા મચ્છરૂપી વિદ્વાન સજ્જનોના સહવાસથી અથવા ગ્રંથ ગુરૂથી કીંવા શુદ્ધ તર્ક શક્તીના પ્રભાવથી, તેવું જ્ઞાન મેળવનારા ભાઇયોને તે માર્ગમાં સંચાર કરવાને સુલભ પડે છે -

તમે કદી એમ કહેશો કે માછલીને જળ તત્વનો સંસ્કાર છે અને હાથીને ખુલ્લા આકાશ તત્વનો સંસ્કાર છે, સબબ દ્રષ્ટાંત અને સીદ્ધાંત હે-તુમાં વિરોધાલંકાર કે ઉક્તી દરસાય છે. ગુણ કર્મ સાથે ગુણ કર્મની જેમ સમાનતા જોઇએ તેમ આકાશ તત્વ સાથે આકાશ તત્વ વિલાસીના દૃષ્ટાંતનો સંબંધ હોવો જોઇએ, એમ શંકા થશે, પણ તેના પ્રત્યુત્તર માટે વૈદીક માર્ગ એવો સબળ છેકે તે પૈકીનો એક પક્ષ યોગ માર્ગ ગુણ કર્મને બદલી નાખનાર શશક્ત છે. યોગબળ વડે માછલીના ગુણકર્મ તથા સંસ્કારને બક્ષવાની શ-ક્તી અથવા તેના ભેદમાં મળવાની શક્તી હાથી જેવા પ્રાણીરૂપી મુમુક્ષુઓ-ને સદ્ગુરૂ આપી શકે છે, તેવો ગહન માર્ગ પણ તેમાંજ છે. સબબ દેશકા-ળને અનુસરીને, કીંવા ઓળખીને શારીરીક સંપતિ સદાનંદ માર્ગમાં રહે તેવા ઉપાયો યોજવા જોઇએ કે તેમાંથી ઉત્તમ ફળ મલ્યા બાદ તે ફળ શુદ્ધ વિવેક દ્વારાએ આનંદકારક સુમતિને પણ આનંદ માર્ગમાં પ્રવર્તાવવાને પુષ્ટી કરે

વૈદિક વિષય અત્યંત વિસ્તારવાળો સમુદ્ર છે તેમાંથી અણું જેવી આ કૃતિ તુલ્ય હું પક્ષીરૂપી ચાંચમાં શુક્ષ્મ બીંદુ લઇને, તે વડે આ પ્લેગ વી ગેરે મહામારી ઉપદ્રવ સંબંધે ચાર શબ્દ લખ્યા છે. તે શબ્દ સજ્જન સ-દાયનાં હૃદય ક્ષેત્રમાંજ નિવાસ કરશે અને તેવા સજ્જન આર્ય પુત્રોએ મહાશયો સમુદાય મળી વૈદીકવેતા પુરૂશોને તથા આ માર્ગને પુષ્ટી આ વા વ તે પ્રમાણે વર્તના આગાળ પગ મકળે અસ્તુ.

———(૦)———

સાર્વજનિક સૂચના.

" आरोग्यादर्श "

યાને

આરોગ્ય માણસે પાળવાના નિયમો.

आयुःकामयमानेन धर्मार्थः सुखसाधनं।
आयुर्वेदोपदेशेषु विधेयःपरमादरः॥

માણસે નિરંતર તંદુરસ્ત શારીતે રહેવાથી રહી શકાય તે જાણવા માટે આપણા આર્ય આયુર્વેદ (દેશી વૈદકશાસ્ત્ર) ના પ્રતિષ્ઠિત મહાન ગ્રંથો જેવાકે ચરકસંહિતા, સુશ્રુતસંહિતા, વાગ્ભટ, અષ્ટાંગસંગ્રહ, ભાવપ્રકાશ અને વારાહીસંહિતા વિગેરે સંદ્ગ્રંથોમાંથી જોઇતા સારનું ગ્રહણ કરી જેવાં કે દિનચર્યા, રાત્રીચર્યા, રૂતુચર્યા, સદાચાર, ગર્ભાધાન, પ્રસુતિ, બાળરક્ષા, રાજભોજન હિતાહિત અને વિરૂદ્ધાન વિગેરે દરેક વિષયં નિરંતરના ઉપયોગમાં આવે તેવા સર્વેનું વિસ્તાર પૂર્વક પ્રકરણોમાં વર્ણન આપી નિત્ય નિયમોનુ વિવેચન આપેલ છે એટલુંજ નહીં પણ છેવટે જેજે પદાર્થ માણસના ઉપયોગમાં હરહમેશ આવે છે અને જેના ઉપર માણસની જીંદગીનો આધાર છે, તે તે સર્વ ઉપયોગી પદાર્થ જેવાકે હવા, પાણી, અને ખોરાક વિગેરે યોગ્યાયોગ્યના ગુણ દોષ જાણવા માટે એક કોષ વિસ્તારવાળો રાખવામાં આવ્યો છે એટલે આ પુસ્તક પુરૂષ તથા સ્ત્રી વર્ગ બન્નેને પ્રાણુનીરક્ષા માટે મીષ્ટ પ્રહર પાસે રાખવા યોગ્ય છે કેમકે તે ઉપર આદર પૂર્વક આધાર રાખી તેમાં જણાવ્યા પ્રમાણે અનુંવર્તન રાખવાથી અને તેના ઉપદેશ પ્રમાણે ચાલવાથી ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ પુરૂષાર્થ ચતુષ્ટય સાથે આલોક પરલોક બન્નેમાં પોતે તથા તેઓની નવિન થતિ સુપ્રજા સુખસંપાદન કરી આરોગ્ય રહી શકે છે.

આજ સબબથી સ્ત્રિ પુરૂષ બંન્ને આ પુસ્તક વાંચી, સમજી પોતે વર્તી શકે તથા પોતાનાં ઉછરાતાં બચ્ચાંઓને વરતાવી શકે તેવી સગવડ માટે ખાસ સહેલી ગુજરાતિ ભાષામાં ગુજરાતી ટાઇપોથી ઉંચા પ્રકારના કાગળ ઉપર સારૂં સુશોભિત પુઠું સાથે છપાવવામાં આવશે.

દરેક સાધારણ સ્થિતિના માણસ પણ આ અલભ્ય લાભદાયક પુસ્તકની એકાદી પ્રત રાખી શકે તેવા હેતુથી તે પુસ્તકની કીંમત માત્ર રૂા. ૨ પ્રથમથી ગ્રાહક થનાર પાસેથી લેવામાં આવશે અને પાછળથી ખરીદનારને રૂા. ૨-૮ તથા પોસ્ટેજ જુદું આપવું પડશે. માટે આ ચાલતાં વર્ષની દીવોત્સવી પર્યંતમાં જેમણે આ પરમપયોગી પુસ્તકનું ગ્રાહક થવું હોય તેમણે પોતાનું ઠામ ઠેકાણું અને પ્રતોનિ સંખ્યા નિચે સહી કરનારને લખી મોકલાવી આપવા કૃપા કરવી કેમકે આવતા વર્ષની શરૂઆતમાં છપાઇ બહાર પડવાનું છે. –

ભુજનગર પ્રાંત કચ્છ. સંવત ૧૯૫૫ | લખનાર ગિરજાશંકર વિજયશંકર ઉર્ફે બાવાભાઈ કચ્છ દેશાધિપતિના રાજવૈદ્ય.

શ્રી

જાહેર ખબર.

रुद्रप्रासाद आयुर्वेदीय औषधशाला.

કચ્છ કાઠીયાવાડ, ગુજરાત, મેવાડ, મારવાડના દરેક રાજા મહારાજાના રજવાડામાં માંન મરતબો પાંમી પ્રખ્યાત પામેલા જામનગરવાલા નાગર રાજવૈદ્ય વિજયશંકર ઉર્ફે બાવાભાઇ અચળજીની ઉપર જણાવેલી નામની ઔષધશાળામાં આર્ય આયુર્વેદ (વૈદકશાસ્ત્ર) ના નિયમાનુંસાર ઉત્તમ ગુણકારક મહાન્ રસાયન ઔષધો તથા કાષ્ટૌષધિના પ્રયોગો જેવા કે ચંદ્રોદયાદી રસ, સુવર્ણાદી ભસ્મ, મુક્તાદીપિષ્ટી, યોગ રાજાદીગુગલ, કાંકાયનાદીમોદક, મંડુરાદીવટક, હરીતકયાદીવટી, કેશરાદીગુટી, ગુડુચ્યાદીસત્વ ભૃગુહસીતકયાદી અવલેહ. લોહાદીઆસવ, દ્રાક્ષાદીઅરિષ્ટ, (રસ) લાક્ષાદીતૈલ, તેમજ કેવલકાષ્ટના પ્રયોગો દરેક જાતના ક્વાથ, ફાંટ, ચૂર્ણ, હીમ, લેપ, રસાયન, પ્રયોગ વાજીકર પ્રયોગ. વિગેરે પ્રત્યેક વ્યાધિઓ ઉપરના તરત લાગુ થૈશકે તેવા પ્રયોગો બનાવી તૈયાર મોટો જથાબંધ સંગ્રહ રાખવામા આવે છે. માટે જેમને જે કાંઇઔષધના પ્રયોગ જોઇએ તેને વિ. પિ. પારસલથી યથાયોગ્ય કીંમતથી મોકલી આપવામાં આવશે.

"પ્લેગ પ્રકાશ" માં દર્શાવ્યા પ્રમાંણે મહામારીના ભયંકર સમયમાં તંદુરસ્ત રેહેવા માટે પંચકર્મ કરાવી આયુષ્યની રક્ષા કરનાર અને થયેલા રોગને મટાડી નવિન થતા રોગને અટકાવનાર "રસાયન પ્રયોગ" તેમજ પવન, પાંણી, દેશ ભુમિ વિગેરેજ સુધારી સ્વચ્છ નિરોગી રાખનાર "અગદના પ્રયોગ" તથા હવા સુધારનારજ જંતુ નાશ કરનાર સુગંધિત" ધૂપના પ્રયોગો" પણ સમયસર નવિન બનાવી તૈયાર રાખવામાં આવે છે માટે તે પણ જોઈએ તેમણે મંગાવી લેવા. યોગ્ય કીંમતથી આપવામાં આવશે.

શિવાય કેટલાંક ઘણા વર્ષના અનુભવથી સિદ્ધ થયેલાં ઔષધો જે કે ફાયદામાં અત્યંત ઉત્તમ અને સેવન કરવાથી નિરંતર તંદુરસ્તીને જાળવી પૂર્ણ આયુષ્યને પોચાડનાર જણાવેલાં છે તેમજ શરીરની પંચેદ્રિને સ્વચ્છ સતેજ રાખતાં જ્ઞાનેદ્રીયને ઉત્તેજન આપનાર છે તેવાં ઔષધોનો લાભ સૌ કોઈ સેહેલાઈથી લઈ શકે તે માટે ઘણી જુજ કીંમતે ખાસ જાહેરમાં મુકવામાં આવ્યાં છે.

॥ सर्वेंद्रियाणं नयनं प्रधानं ॥

वरावलेह

ખાસ મગજ તથા આંખનાં પોષણને અર્થ.

આ અવલેહ મસ્તક તથા નેત્ર દ્રષ્ટીના વ્યાધિઓ જેવાકે માથાનો કકળાટ, આધાશીશી, શંખક, સૂર્યાવર્ત, ઝામરવા, ભ્રમ, મગજનું ખાલીપણું, ઝાંખ, તિમિર–ટુંકીનજર, રાત્રયંધપણું, લાલાઈદાહ, જલશ્રાવ, નજલાનું ઉતરવું, અને પેઢાંનો રોગ વિગેરેનો નાશ કરે છે અને સેવન રાખ્યાથી મગજ ભરાઈ તરથૈ જ્ઞાનતંતુઓનું પોષણ થતાં સ્મૃતિ, બુદ્ધિ, મેધા, શાંતિ, અને દીર્ઘદ્રષ્ટીને આપે છે. સુક્ષ્મ અક્ષરોવાળાં પુસ્તકોથી અભ્યાસ કરનારાઓની નહાંનિ વયમાં આંખો કમજોર થઈ હીણીને માઠી પડી જાય છે તેથી ભવિષ્યનો અભ્યાસ કરી શકાતો નથી. તેવા અભ્યાસોને આ અવલેહ માથાં તથા આંખની થયેલી તથા થતિ ખરાબીને દુર કરી અટકાવી મગજ અને દ્રષ્ટી શકુતીવાળાં બનાવી આપેછે. સંપૂર્ણ અભ્યાસનાં સુખકર પરીણામને પોંચાડે છે.

ટુંકામાં માત્ર " ઉત્તમાંગ " ના દરેક વ્યાધિને અને કેશ શુદ્ધાંતના અંગોને પોષિત કરી તેના દરેક રોગોને મટાડે છે અને રૂધિરના રોગોને પણ સુધારે છે. સદ્યચમત્કાર તેના ગુણનો એ છે કે નિત્યના કરેલા ભોજ-

..ક પાનાન કરા નિયમસર નિદ્રા લાવી નિત્યના બંધકોષ્ટવાલાન પણ મ-લ શુધ્ધ લાવે છે તેથી શરીરમાંની સપ્ત ધાતુઓનું પોષણ થતાં બળ, પ-રાક્રમ શક્તી અને વીર્યનો વધારો કરી રસાયનગુણને આપે છે. આ સાથે નેત્રમાં આંજવા " વરાંજન " તથા મથામાં નાંખવાનું " વરમહા સુગંધી તેલ " આ બંનેનો સાથે ઉપયોગ કરવાથી સંપુર્ણ વિશેષ ગુણ પ્રાપ્ત થશે. ડબા ૧ ના રૂા. ૨ .

वरसौवीरांजन. वरकृष्णांजन. मुक्तांजन.

(સફેત સુરમો.) (કાલો સુરમો) (મોતીનો સુરમો)

આ ત્રણે પ્રકારના સુરમાઓ આંખમાં આંજવાથી તમામ નેત્રનાં દરદોને મટાડી નાબુદ કરે છે નવા થતા રોગોનો અટકાવ કરી નેત્રના તમામ અવયવોને સ્વચ્છ નિર્મળ રાખી પોષણ અને પુષ્ટિ આપે છે અને ખંજનની દ્રષ્ટી બરાબર દીર્ઘદ્રષ્ટી કરે છે. એટલુંજ નહિપણ આવેલા ચશ્માને ઉતરાવી નાંખી ચશ્માની હાજત રદ્દ કરે છે. અને આંખને પ્રસંન રાખે છે. આ બધાં પ્રકારનાં અંજનોમાં મુક્તાઅંજન (મોતીનો સુરમો) વીશેશગુણ કરનાર હોય છે. દરેક શીશી ૧ નો રૂા. ૧ અને મોતીના સુરમાના રૂા. ૨ તથા ૫.

આ ત્રણે સુરમામાંથી ગમે તે એક પ્રકારનો સુરમો ઉપર જણાવેલા " વરાવલેહ " નાં શેવન સાથે આંજવાનો મહાવરો રાખવામાં આવે તો અતિ ઉત્તમયોગ થતાં અંદર અને બહારનો બન્ને સાથે ઉપચાર થાય છે તેથી ઘણો તરત અસર થતો જણાય છે.

વરમહાસુગંધિ તૈલ.

આ ઘણુંજ ઉત્તમ સુગંધિદાર તેલ હર હમેશાં માથામાં નાખવાથી .વી તમામ પ્રકારના માથાના રોગ તથા આંખના રોગોને મટાડવામાં ઘણી સારી મદદ આપે છે અને મગજને તથા નેત્ર દ્રષ્ટીને પોશણ આપી તરાવટ સાથે પ્રસંન રાખે છે તેમજ માથા તથા નેત્રના જ્ઞાનતંતુઓને પણ પોશણ આપતાં તેની શક્તીનો વધારો કરે છે. માથાના કેશનો વધારો

કરે છે, ખરતા અટકાવે છે અને નાની ઉમરમાં કેશની થતિ સફેદીને અટકાવે છે અને ભ્રમરો પણ કાલપ કાયમ રાખે છે એટલુંજ નહીં પરંતુ આ તેલ ઉપર પાંણીનો સંસર્ગ થાય તો પણ બાલ ચીકટા થતા નથી બલકે તેમ થવાથી બાલ હમેશાંજ સાફ અને મુલાયમ રહે છે. તેની બાટલી ૧ નો રૂ. ૧ અરધીયાંનો રૂ. ૦॥

અંતાર્ણવાવલેહ.

(જીવન જાળવી રાખનાર રાજસી જીવન.)

આ કેવળ વનસ્પતિથી બનાવેલ સ્વાદિષ્ટ સુગંધી રસાયન (વ્યાધિ અને બુઢાપાને અટકાવનાર) પ્રયોગનું સેવન કરવાથી તેજ વખતે મન પ્રસન્ન થાય છે આનંદ તથા હુશીયારી આવતાં કર્મેંદ્રીયો પોતાનાં કુદરતી કર્મ કરવા તત્પર થાય છે હરકોઇ કારણથી ક્ષીણ અને જીર્ણ પામેલા મનુષ્યોની સપ્ત ધાતુ પોશણ પામી આબાળવૃદ્ધના શરીરને પુષ્ટી આપે છે નવું જોબન પ્રાપ્ત થઇ નીરોગી રહેવાય છે દીર્ધાયુષ ભોગવાય છે તેવાજ ગુણવાળી સંતતી ઉત્પન્ન કરવા સમર્થ થવાય છે. અને જ્ઞાન તંતુઓને જીવન મળવાથી મેધા સ્મૃતિકાંતિ અને વર્ણ શોભાનો વધારો થાય છે એટલુંજ નહીં પણ ક્ષય–ઉરક્ષત–હૃદરોગ–જીર્ણજ્વર શ્વાસ–કાસ–મુર્છા પાનાત્યય રક્તપિત્ત–અને વિર્યાશયના રોગ તથા વાત પિત્તના વ્યાધિઓને નાબુદ કરે છે.

વિધિ પ્રભાતે તોલા પા થી એક સુધી શરીર સંપત્તિ પ્રમાણે ચાટવું ગાયનું દુધ વિશેષ પીવું ધાતુઓને ખરાબ કરવા વાળા પદાર્થોનું પથ્ય રાખવું. કીંમત ડબી નંગ ૧ નો રૂા. ૨–૮–૦. રાજકોટ નાગર રાજવૈદ્ય બાવાભાઇ અચળજી.

જીવન જાળવી રાખનાર જીવન.

આ કેવળ વનસ્પતિથી બનાવેલ સ્વાદિષ્ટ રસાયન (વ્યાધિ અને બુઢાપાને અટકાવનાર) પ્રયોગનું સેવન કરવાથી હરકોઇ કારણથી ક્ષીણ અને જીર્ણ પામેલા મનુષ્યોની સપ્ત ધાતુ પોશણ પામી આબાળવૃદ્ધના શરીરને પુષ્ટી આપે છે. નવું જોબન પ્રાપ્ત થઇ નીરોગી રહેવાય છે, દીર્ધાયુષ ભોગવાય છે, તેવાજ ગુણવાળી સંતતિ ઉત્પન્ન કરવા સમર્થ થવાય છે અને જ્ઞાન તંતુઓને જીવન મળવાથી મેધા, સ્મૃતિ, કાંતિ, અને વર્ણ શોભાનો વધારો થાય છે એટલુંજ નહિ પણ ક્ષય–ઉરક્ષત–હૃદરોગ–જીર્ણજ્વર–શ્વાસ

કાસ—વાતરક્ત-સોમ—રક્તપિત્ત—અને વીર્યાશયના રોગ તથા વાતપિત્તના વ્યાધિઓને નાબુદ કરે છે.

વિધિ પ્રભાતે તોલા એકથી ચાર સુધી શરીર સંપત્તિ પ્રમાણે ચાટવું. ગાયનું દૂધ વિશેશ પીવું. ધાતુઓને ખરાબ કરવાવાળા પદાર્થોનું પથ્ય રાખવું.

રાજકોટ નાગર રાજવૈદ્ય

કીંમત ડબી નંગ ૧ નો રૂા. ૧-૦-૦ **બાવાભાઇ અચળજી**

सेव्य फांट अथवा राजसी चाह.

રેગી નીરેગીને નિત્ય સેવવા યોગ્ય.

કેવળ દેશી વનસ્પતીથી બનાવેલો પવિત્ર ચાહ તે ઘણો ખુશબોદાર, લીજતદાર અને રંગદાર હોઇને નીરંતર પીવાનો માહાવરો રાખવાથી હમેશાંની તંદુરસ્તી જાળવી રાખતાં નીચે પ્રમાણે ગુણ અને ફાયદો આપે છે.

વાયુ તથા કફને હણે છે પીનસ શળેખમ શરદીને મટાડે છે નેત્ર દૃષ્ટીને નીરમળ કરે છે પેટના દરદ માત્રને તથા આફીને તોડે છે જઠરાગ્નિ તેજ કરે છે અને ઉધરસ દમ વીપદોષ મુખ દુર્ગંધી બે સ્વાદ અને છાતીનાં દરદોને મટાડે છે વીશેષ કરી ખાસ વાયુ અને કફનાં દરદ માત્રને હણે છે અને હિતછે. શરિરનો વર્ણ તથા કાન્તીને નીખારે છે, ખુશ અવાજ કરેછે તેમજ તમામ શરિરની ધાતુઓનું પોષણ કરતાં અંગમાં ફુરતી તેજી આણે છે મન પ્રસન્ન રાખેછે દસ્ત તથા પેશાબ સાફ લાવેછે અને અનાજ ઉપર રૂચી પેદા કરેછે વીગેરે ઉંચા ફાયદાઓથી ભરેલો આ ચાહે છે.

☞ રતલ એકના ડબાની કીંમત રૂા. ૧ ટપાલ ખર્ચ જુદું.

વાપરવાની તફસીલ.

૧. જેવી રીતે સાધારણ ચાહ પકાવી પીવામાં આવેછે તેવીજ રીતે પાણી સાથે જરા વધારે જોશ આપી પકાવી સાકર દૂધ મેળવી પીવું.

૨. તેમજ દૂધ પાણી અને સાકર એ સાથે ચાહ નાખી પાણી બધું બળી જાય અને દૂધ માત્ર બાકી રહે તેવી રીતે પકાવી પીવાથી તે પીધેલું દૂધ પચી જતાં શરીરને પુષ્ટ કરે છે બળ કૌવત આપે છે અને જીર્ણજ્વર જુની ખાંસી તથા ઉત્પન્ન થતા ક્ષય રોગને મટાડે છે થયેલા ને હિત છે ને રસાયન ગુણ આપનાર છે. થોડી મુદત સરાસરી નીત્ય પી જોવાથી ઉપર જણાવેલા ગુણોની ખરી ખાત્રી સાથે સાબીતી થશે